
# અધ્યાત્મ




વર્ષ : ૨૪ જાન્યુઆરી : ૨૦૦૩ અંક : ૪

## * વિશ્વપ્રેમમાંથી અહિંસા પ્રગટે છે. *

અહિંસામાં પ્રતિષ્ઠિત પુરુષની પાસે બીજા જીવો વેર-ભાવનો ત્યાગ કરે છે. અહિંસા વિશાળ અર્થમાં જોઈએ તો પવિત્ર, વિશાળ વિશ્વપ્રેમમાંથી સહજ રીતે પ્રકટનારી વસ્તુ છે. એવો પ્રેમ જ્યારે પ્રબળપણે પ્રકટી ઊઠે છે ત્યારે સંસાર-ના સઘળા જીવોમાં એક પરમાત્મા તત્ત્વની ઝાંખી થવાથી કોઈનું અમંગલ કરવાની વૃત્તિ જ નથી થતી તો તેવી પ્રવૃત્તિ તો થાય જ ક્યાંથી? પરંતુ એવી અસામાન્ય શક્તિનું દર્શન ક્યાં થાય? અહિંસાની એટલી બધી શક્તિની પ્રાપ્તિ કરવાનું કામ કાંઈ સહેલું નથી. આવી શક્તિ સાધના કે તપ વિના નથી આવી શકતી.

સામાન્ય માણસે પોતાના ગજા પ્રમાણે અહિંસા પાલન માટે તૈયાર રહેવું જોઈએ. મન, વાણી, કાયાથી કોઈનું બૂરું કરવું નહીં. પોતાને જે પ્રતિકૂળ લાગે તેનું આચરણ શરીર વાણી કે મનથી બીજા પ્રત્યે ના કરવું. શરીરથી બીજાને હાનિ પહોંચાડવી, વાણીથી કટુભાષણ કરીને કોઈના દિલને દુઃખ કરવું, મનથી બીજાનું બૂરું કરવાના ઘાટ ઘડવા તે હિંસા છે. આ ત્રણે પ્રકારની હિંસામાંથી મુક્તિ મેળવવા ખંતપૂર્વક પ્રયાસ કરવો જોઈએ. જીવનમાં અહિંસાનું નહીં પરંતુ હિંસાનું વર્ચસ્વ છે. એમ માનનાર અને મનાવનાર ભૂલી જાય છે કે જીવનને ટકાવી રાખનારી ને જીવન કરનારી દ્વેષ નહીં પણ પ્રેમ ને અહિંસા છે. પ્રેમને લીધે જ પૃથ્વી ટકે છે.

યોગેશ્વરજી


# અધ્યાત્મ

**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫–૦૦

વિદેશમાં રૂા. ૨૫૦–૦૦ (વિમાનથી)

⊗ **સંસ્થાપક :** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).

⊗ **તંત્રી–સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.

⊗ **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદાર-નગર, ભાવનગર–૧. ફોન : ૨૫૬૫૮૧૧, ૨૫૬૬૬૪૯

⊗ **અધ્યાત્મના સહાયક સ્વજનો :** ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધનભાઈ કલોલા અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી.

⊗ **તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની.

⊗ **મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી–૧, બોરડીગેટ, ભાવનગર–૧.


### લેખકોને નિમંત્રણ

⊗ અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે. ⊗ લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

⊗ ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો. ⊗ 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો. ⊗ 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે. ⊗ પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે. ⊗ 'અધ્યાત્મ'અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે. ⊗ દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| અભિનંદનીય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| વંદન | પરમાર્થી | ૧૧ |
| મુંડક ઉપનિષદ્ (૬) | મહાત્મા યોગેશ્વરજી | ૧૨ |
| किमहं तेन कुर्याम्। | પ્રો. ડૉ. જયંતીલાલ કરુણાશંકર ભટ્ટ | ૧૭ |
| પરમનો પ્રસાદ | પ્રા. તરલાબેન દેસાઇ | ૨૧ |
| મા સર્વેશ્વરીની સહજ લીલાઓનું દર્શન | મંજુલાબેન ભાવસાર | ૩૩ |
| સંક્રાંતિ | કાકા કાલેલકર | ૪૨ |
| સ્વાતિબિન્દુ | શ્રી યોગેશ્વરજી | ૪૭ |
| જીવનમંદિરની પ્રતિમાને | શ્રી યોગેશ્વરજી | ૪૮ |
| આપણા રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ કેવા છે? ઓળખો | નારાયણ હ. જાની | ૪૯ |
| નિઃસ્પૃહી ત્યાગનું ફળ | ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર | ૫૧ |
| ઋતંભરા પ્રજ્ઞા–૧ | યોગેશ્વરજી | ૫૪ |
| કેવો માણસ કદી દુઃખી ન થાય | — | ૫૮ |
| રસેશ્વરી | યોગેશ્વરજી | ૫૯ |


O

## * અભિનંદનીય સહાય *

હે યોગેશ્વર ગંગ પાવન વહો મારા હૃદે સર્વદા,
ગાઉં નિત્ય ગુણાનુવાદ, ગુરુ હે સ્વીકારજો વંદના.

* * *

પરમાર્થી તાપે શ્રમિત, આવ્યો તારે દ્વાર,
શીતળ છાંયે માવડી, પાજે અમૃતધાર.

— પરમાર્થી

**કપૂરાના ભક્તપુરુષ જેમને પૂ. શ્રી યોગેશ્વરજીએ જ્ઞાનીભક્ત પરમાર્થી કહ્યા, શ્રી કબીરસાહિત્યની પરબડીસમા, કવિ, સમાજસેવક તરીકે અને સાચા સાધક તરીકે જીવન દીપાવ્યું. તે શ્રી ઈશ્વરભાઇ પરમાર્થીની પાવનસ્મૃતિમાં**

**શ્રી મણિબેન પરમાર્થી**

**જયંત–મધુ–સારંગ–ગોપી પરમાર્થી**

**પંકજ–દક્ષા–ચિન્મય–ભક્તિ–અચ્યુત પરમાર્થી**

**બ્રાઉન્સવીલ–ટેક્ષાસ–યુ.એસ.એ.**

[કપૂરા]

**આ....માસનો અધ્યાત્મનો રસથાળ પૂ. શ્રી ગુરુદેવ શ્રી યોગેશ્વરજીના શ્રી ચરણોમાં અર્પણ કરે છે.**

* * *

**હે પરમાર્થી પરિવાર, પ્રભુના આશીર્વાદ સાથે ધર્મ-સત્કર્મે ઘસાઈને ઉજળા થઇ સૌને દીપાવતા રહો.**

— મા સર્વેશ્વરી.

# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

—મા સર્વેશ્વરી

વર્ષ : ૨૪ જાન્યુઆરી–૨૦૦૩ અંક : ૪

## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૧/૧૦/૮૧ ગુરુવાર, આસો સુદ ત્રીજ, ૨૦૩૭**

**સ્થળ : સાઉથ લંડન, ઇંગ્લેન્ડ.**

સવારે પૂ. શ્રીનો ક્રમ નિયમિત રહ્યો. યજમાન શ્રી બચુભાઇ ગુરુવાર હોવાથી બાવનવાર દત્તબાવનીનો પાઠ કરે છે. ત્યાં જ સાડા અગિયાર થઇ ગયા. પૂ. શ્રી દેવસ્થાનમાં પધારે છે. ત્યાર પછી શ્રી બચુભાઇએ આજની આરતી કરી.

આરતી બાદ વાતો કરતાં શ્રી બચુભાઇએ કહ્યું કે હું દરરોજ સાડા નવ વાગ્યે આરતી ઉતારું છું, ત્યારે એવી ભાવનાથી આરતી કરું છું કે તે આરતી તમને પણ પહોંચે છે. આજે તો ગુરુવાર હોવાથી હમણાં આરતી કરી, પણ ત્યારે તમારા રૂપમાં શ્રી રંગઅવધૂત બાપજી ટોપી પહેરીને જ બેઠા હતા. આજે મેં



આરતી વખતે તે દર્શન કર્યું. મને ખૂબ આનંદ થયો.

પૂ. શ્રી : તમારી ભાવના પ્રભુએ પૂર્ણ કરી.

શ્રી બચુભાઇ : મને ધ્યાનમાં બેસવાનું ગમતું નથી, પણ આરતી કે ભજન સમયે મને એમ જ લાગે કે શ્રી રંગઅવધૂતજી પોતે જ અહીં બેઠા હોય છે. હું વધારે સાધનભજન કરું તો ઘણું આગળ વધી જવાય, પણ જેટલું થાય તેટલું સાધનભજન કર્યા કરું છું.

આજે ગુરુવાર. પૂ. શ્રી દર ગુરુવારે શીરડીસાંઇબાબાની સ્તુતિ આરતી વરસોથી કરે. આજે પણ તે ભોજન પહેલાં કરવામાં આવી.

આજે ભોજનમાં મગ–ભાત લેવામાં આવ્યા. ભોજન બાદ થોડો આરામ. સાંજે થોડું લેખનકાર્ય કર્યું. વળી ૦॥ કલાક ધ્યાનમાં ગાળ્યો.

સાંજની મુલાકાત પહેલાં પવિત્ર દેવસ્થાનમાં આજે ધૂન, ભજન, આરતીનો વિશેષ કાર્યક્રમ થાય છે. ઘરમાં ત્રણ યુવાન પુત્રો ને એક નાની બેન બધાં જ તેમાં સામેલ થાય છે. સૌથી મોટો ભાઇ તબલા વગાડે છે, બીજા બે ભાઇઓ મંજીરા લે છે, નાનીબેન ધૂન ગવડાવે છે. આખોયે પરિવાર ધર્મસંસ્કારોથી રંગાયેલો છે. ધન્ય છે એમના માતપિતાને. શ્રી બચુભાઇ ને શ્રી રમીલાબેન બાળકો સાથે આ દેશમાં કાયમ રહેતાં નથી. અહીં ચારે ભાઇબેન એકલાં જ રહે છે. છતાં એ ચારે બાળકો નિયમિત સ્નાન કરી, મંત્રજપની એક માળા કરી, દત્તબાવનીનો પાઠ નિયમિત કરે છે, આહારવિહાર પણ પવિત્ર રાખે છે. કોઇ વ્યસન જોવા ન મળે. એવા આ પવિત્ર પરિવારને જોઇને આનંદ થાય છે.

આજે મુલાકાતમાં શ્રી બારાઇ મળવા આવે છે. તેઓ એક

મંદિરનો વહીવટ કરે છે. પૂ. શ્રીની અગાઉની લંડનની મુલાકાત સમયે પણ તેમણે પૂ. શ્રીનાં પ્રવચન ગોઠવેલાં. આજે પણ તેઓ આમંત્રણ આપે છે. રળી ટાન્ઝાનિયાના એક નવા મંદિરમાં પણ તેઓ પૂ. શ્રીને લઇ જવા માગે છે. હમણાં સમય ન હોય તો અમેરિકાથી આવતાં જરૂર ગોઠવજો એવી પૂ. શ્રીને તેઓ વિનતી કરે છે. શ્રી બારાઇનો ઉત્સાહ ઘણો છે.

સમયસર મંદિરમાં જવાનું બને છે. પ્રવચન થાય છે. પ્રવચન બાદ મંદિરમાં આજે સૌને રેવડી, બદામ, સાકર ને દ્રાક્ષનો પ્રસાદ વહેંચવામાં આવે છે.

પ્રવચન બાદ આરામ.

**તા. ૨/૧૦/૮૧ શુક્રવાર, આસો સુદ ચોથ, ૨૦૩૭**

**સ્થળ : સાઉથ લંડન, ઇંગ્લેન્ડ.**

આજે પૂ. શ્રીના શરીરમાં સર્વેશ્વરીને પ્રકાશનાં દિવ્ય કિરણોનું દર્શન થાય છે. વિદેશની ધરતી ઉપર આવી પ્રભુકૃપાથી સર્વેશ્વરીને ખૂબ આનંદ થઇ જાય છે.

પૂ. શ્રીની આજ્ઞા લઇ સર્વેશ્વરી આજે તેમના એક સ્વજન-બેનને મળવા જાય છે. એક કલાકની મોટરની મુસાફરી પછી તે બેનના ઘરે પહોંચી ગયાં.

તે બેનને ખૂબ આનંદ થયો. આંખમાં આંસુ સાથે ખૂબ ખૂબ પ્રેમભાવથી આવકાર થયો. આશ્ચર્યની વાત તો એ હતી કે તે બેન સર્વેશ્વરીને નવ વરસના લાંબા ગાળા પછી મળે છે. સર્વેશ્વરીનું ચંદનપુષ્પથી સ્વાગત કરી નીચા નમી પ્રણામ કરે છે. વળી, બે સાડી સર્વેશ્વરીને અર્પણ કરતાં તે બેન કહેવા લાગ્યાં—નવરાત્રિના પવિત્ર દિવસોમાં તમારું અહીં આવવાનું બન્યું તેથી મને ખૂબ



ખૂબ આનંદ થયો. તમારો માર્ગ કઠિન છે પણ પ્રભુ સુખી કરે. તમારી સાધનાની વાત સાંભળવા મળેલી. તમે આગળ વધ્યાં છો તે સાંભળીને આનંદ થયેલો. તમારા પિતાજી પણ સંતપ્રકૃતિના જ છે. અમે તો તમારે ત્યાં જ મોટા થયાં છીએ. તમારા દાદા પણ નિયમિત પ્રાર્થના કરતા. તમારા પિતાજી રામાયણ, ભાગવત અમને પણ વરસોસુધી સંભળાવતા ને સમજાવતા હતા. તેઓ તો સાચા સંત છે. (બેનની આંખમાં આંસુ હતાં. ભાવવિભોર શબ્દો સંભળાતા હતા.) તમારા માર્ગને સમજીને અમારે તો તમારી સાથે આવું પૂજ્યભાવભર્યું જ વર્તન કરવું જોઇએ ને?

સર્વેશ્વરીના એ સ્વજનબેનનું નામ મણિબેન. સર્વેશ્વરી કરતાં ઘણાં મોટાં હતાં. વૃદ્ધાવસ્થાને આરે પહોંચ્યા હતાં. તે બેનના પતિ પણ સત્સંગી છે, જેથી સૌ સાથે સત્સંગની જ વાતો થઇ. સૌનો પ્રેમભાવ અદ્‌ભુત હતો. એમની સમજ વંદનીય ને સ્મરણીય હતી.

સર્વેશ્વરીને અર્પણ કરેલી બંને સાડી ને પૈસાનું કવર સર્વેશ્વરી ફરીથી તે બેનને પ્રસાદીરૂપે આપી દે છે. ત્યારે તે બેનનું હૈયું કરુણતાથી છવાઇ ગયું. છેવટે સર્વેશ્વરીએ થોડી છૂટ મૂકીને એક નવી વાતનું સૂચન કર્યું. પરિણામે સર્વેશ્વરીએ પોતાની પહેરેલી સાડી તે બેનને આપીને તેની સામે તે બેનની એક સફેદ સાડી સર્વેશ્વરીએ સ્વીકારીને પહેરી.

સર્વેશ્વરી પોતાના નિયમમાં આ રીતે વ્યવહારુ બને છે. ને મનોમન નક્કી કરે છે કે આ બેનની સફેદ સાડી સ્વીકારી છે તે ભારત જઇને કોઇ યોગ્ય જરૂરિયાતવાળા બેનને પ્રસાદીરૂપે આપી દેવી. આ નિર્ણય શ્રી મણિબેનને પણ સર્વેશ્વરી જણાવે છે.

શ્રી મણિબેને છૂટા પડતાં કહ્યું : અમને પ્રેરણા પહોંચાડયા કરજો.

સર્વેશ્વરીએ કહ્યું : તમે તો મારાં વડીલ છો. તમે મને આશીર્વાદ આપ્યા કરજો. પ્રભુ તમને પ્રેરણા પહોંચાડયા કરશે.

ખૂબ પ્રેમભાવથી આંખમાં આંસુ સાથે શ્રી મણિબેન સર્વેશ્વરીને ભેટે છે. ભાવવિભોર હૈયે વિદાય આપે છે.

સર્વેશ્વરીને આ પ્રસંગથી સમજાય છે કે સાચા સ્વજનની સમજ ને પ્રેમભાવ કેવો હોય છે ને હોવો જોઇએ.

ફરીથી, લંડન શહેરના મુખ્ય મુખ્ય માર્ગ ઉપરથી ગાડી પસાર થઇ. બંકિમહામ પેલેસ, ટાવર બ્રીજ વિગેરે જોઇને ફરી ઉતારા ઉપર આવી ગયાં.

શ્રી બચુભાઇ અને એમના મોટા પુત્ર વિજયભાઇની સેવાભાવનાને લીધે શ્રી મણિબેનને મળવા જવાનું બન્યું. આનંદ અને સંતોષ થયો.

પૂ. શ્રીએ આજે ભોજન દેવસ્થાનના ઓરડામાં બેસીને લઇ લીધું હતું. સર્વેશ્વરીએ આવીને ભોજન લીધું.

પૂ. શ્રી લેખનકાર્ય કરી રહ્યા છે. ખાસ ધ્યાનથી જોતાં જણાયું તો પૂ. શ્રી રંગઅવધૂતમહારાજની આરતી લખી રહ્યા છે.

શ્રી બચુભાઇ જે આરતી કરે છે તે સાંભળી પૂ. શ્રીએ કહેલું કે આપણે એક સરસ આરતી લખીશું. તો રંગઅવધૂતજી પણ પ્રસન્ન થઇ જાય.

નવી આરતી લખાઇ ગઇ. પૂ. શ્રીએ ગાઇ સંભળાવી. રાગ સરસ હતો. શબ્દો આ પ્રમાણે હતાઃ—



હું તો આરતી ઉતારું અવધૂતની રે,
અવધૂતની રંગ અવધૂતની રે. હું તો૦
નારેશ્વરના એ સંત શ્રી મહંતની રે,
નાથ બ્રહ્માંડના બ્રહ્મરૂપની રે. હું તો૦
નીરનર્મદાનાં સોહી જેનાથી રહ્યાં,
જેણે કીધા પવિત્ર એને કરતાં દયા,
બલિહારી એ દિવ્ય અવધૂતની રે. હું તો૦
આદિ અંત ને અખંડ અવિનાશી કહ્યાં,
જેને વેદોએ સત્ય ને અનંત છે લહ્યાં,
જ્ઞાન પ્રેમના સ્વરૂપ પરમાત્મની રે. હું તો૦
રવિ દિવસે રાતે ચંદ્ર આરતી કરે,
અગ્નિ તારા સ્તવે જેને મૂંગા સ્વરે,
વાયુ, વ્યોમ, ધરા, જડચેતન પ્રાણની રે. હું તો૦
સર્વ સંકટ હરે પૂર્ણ મંગલ કરે,
જેનું નામ લેતાં શરણ સુરમુનિ નર તરે,
કરું પૂજા બ્રહ્માંડના ભૂપની રે. હું તો૦
રાગ હૃદયે, રોમે ને અંગ અંગમાં રે,
રક્તકણમાં શ્વાસે સદા સંગમાં રે,
કૃપા માગુ સદાયે દત્તરૂપની રે. હું તો૦

સાંજે આ આરતી શ્રી બચુભાઇને ગાઇ સંભળાવી. તેમને પણ આ આરતી ગમી ગઈ.

આજે પ્રવચન બાદ શ્રી દ્વારિકાદાસ લેસ્ટરથી મળવા આવ્યા છે. તેમને પૂ. શ્રીને સર્વેશ્વરી બંનેમાં ખૂબ શ્રદ્ધા છે.

તેમણે કહ્યું : અમે તો મા સર્વેશ્વરીની પાસે જઇએ પછી પ્રભુ બધું જ કામ અમારું કર્યા કરે. એમ કહી તેઓ સર્વેશ્વરીને એક

કાગળ આપે છે, જેમાં એક તાંત્રિકે આપેલા મંત્રઅંગે માર્ગદર્શન પૂ. શ્રી પાસે લેવાનું હતું.

પૂ. શ્રી તો આરામ માટે ઉતારા ઉપર જતા રહ્યા. સર્વેશ્વરીએ પૂ. શ્રી પાસે માર્ગદર્શન મેળવી આપ્યું. પૂ. શ્રીએ શુદ્ધમંત્ર લખાવ્યો.

આ દેશમાં ભારતથી તાંત્રિકો પણ આવે છે ને ખોટા અશુદ્ધ મંત્રો પ્રજાને આપી કેટલા બધા રૂપિયા પડાવી જાય છે તે જાણવા મળ્યું.

(ક્રમશઃ)

આપણે ત્યાં કેટલાક ભક્તો પરમાત્માને મા રૂપે ભજે છે. પરમાત્માને તે રૂપે ભજવામાં તેમને આનંદ આવે છે. આ વિશ્વમાતાનું સાધારણ છતાં સુંદર સ્વરૂપ તે મા. સૌની યે મા. એટલે તે ભાવે પોતાની માતાની સેવા કરવી તે ય જીવનનો લહાવો છે.

યોગેશ્વરજી

ઘ. : ૪૬૩૪૩૧ ઓ. : ૩૬૨૪૩૭
: ૪૮૦૪૨૮ : ૩૬૦૩૭૬

ખેતીની સિચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ

૧/W, ભક્તિનગર ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, રાજકોટ-૩૬૦૦૦૨



## * વંદન *

ચરણોમાં તવ વંદન, મા લાખ કરોડ વંદન!
સ્વીકારજો મા વંદન, અમારા લાખ કરોડ વંદન!

૧

લક્ષ્મી રૂપે તું જગ જનની પુણ્યશાળીના ઘરે વસતી,
પાપી જીવને દેતી પરાજય, દરિદ્રતા રૂપે તું દમતી,
કરતી સતનું મંડન, અમારા લાખ કરોડ વંદન!

૨

સજ્જન ઉરે ભક્તિ સ્વરૂપે, કુલિન સંગે લજ્જા થઇ,
પાલન પોષણ કરતી હરતી શરણાગતના સઘળા ભય!
ગણાય તું દુઃખભંજન, અમારા લાખ કરોડ વંદન!

૩

ક્રોધિત રૂપ કરે નિત ભયભીત દુરિજન બને ઉદાસ,
ક્રૂર અસુર ભયંકર તદપિ પલભરમાં તું કરે વિનાશ!
કરાવે પાપીને તું ક્રંદન, અમારા લાખ કરોડ વંદન!

૪

પ્રસન્ન જો તું હોય સદા તો શક્ય બને છે પૂર્ણ વિકાસ,
ભક્તજનોના ઉર ઉપવનમાં ગુંજી રહ્યો છે દૃઢ વિશ્વાસ!
તું ચાહે તો વરસે ચંદન, અમારા લાખ કરોડ વંદન!

— પરમાર્થી

# મુંડક ઉપનિષદ્ (૬)

મહાત્મા યોગેશ્વરજી

## (૫) ઉપનિષદ્નો ધર્મ

ઉપનિષદ્માં જે ધર્મનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે તે ધર્મ કોઇ ખાસ નામરૂપી સિક્કાવાળો ધર્મ નથી. વ્યવહારની સરળતા ખાતર તેને વેદાંત, વૈદિક ધર્મ કે ઔપનિષદિક ધર્મ કહી શકાય, વેદાંત નામ પ્રચલિત પણ થયેલું છે. પણ તેને કોઇ ધર્મ કે સંપ્રદાયનું નામ આપવાને બદલે સનાતન ધર્મસિદ્ધાંતોના સામૂહિક સ્વરૂપનું નામ આપવું વધારે સારું લાગે છે. આપણે તેને માનવધર્મનું સર્વસુલભ, સરલ ને મોઢે ચડી જાય તેવું નામ પણ આપી શકીએ. તેને ગમે તેવું અનુકૂળ કે મનપસંદ નામ આપો તેની સાથે કોઇ વિરોધ કે તકરાર નથી. પરંતુ એક વાત સાચી ને દીવાજેવી ઊઘાડી છે કે તે ધર્મ તદ્દન સીધો, સરળ ને વ્યવહારુ છે. બુદ્ધિસંગત ને વૈજ્ઞાનિક તથા વ્યવસ્થિત પણ છે. માનવજાતિને માટે ઉપકારક ને મંગલકારક એવા કેટલાક ખાસ સિદ્ધાંતોના પાયાપર તેની રચના થઇ છે, એટલે તે કાયમને માટે ને કોઇ પણ માનવને માટે ઉપયોગી થઇ પડે તેમ છે. હૃદયની નિર્મળતા ને મનની ઉદારતાને તેમાં મહત્ત્વની માનવામાં આવી છે, તથા જ્ઞાન ને ધ્યાનની મદદથી પોતાની અંદર ને બહાર રહેલા પરમાત્માની પ્રત્યક્ષ અનુભૂતિને આદર્શરૂપ. એવી અનુભૂતિદ્વારા સાધકે જીવનને ધન્ય કરવાનું છે. પરમાત્માની અનુભૂતિ કરીને બેસી રહેવાનો ઉપદેશ ઉપનિષદ્માં નથી; પરંતુ એથી આગળ વધીને, પરમાત્તત્ત્વ



ને તેના પ્રકાશને તન, મન ને વાણીમાં વ્યાપકરૂપે ઉતારી, તે સૌને દૈવી કરી, આખા જીવનને ઉજ્જ્વળ, આલોકિત ને પ્રભુમય કરવાની સૂચના તેમાંથી મળી રહે છે. જીવની કોઇ ધન્ય ક્ષણે, સાધનાના પરિપાકરૂપે, પરમાત્માની પ્રાપ્તિ થઇ એટલે માણસે ઇતિકર્તવ્યતા માનીને બેસી જવાનું નથી; પરંતુ સમસ્ત જીવન ને જીવનનો પ્રત્યેક શ્વાસોચ્છ્વાસ પરમાત્મામય બને તેવી તકેદારી રાખવાની ને સાધના કરવાની છે. જે માણસો એમ માને છે કે પરમાત્માની એકાદ વારની ઝાંખીમાં જ સર્વસ્વ સમજી ઓડકાર ખાઇને બેસી જવાનો બોધપાઠ ઉપનિષદે પૂરો પાડયો છે તેમણે ઉપનિષદ્ પર પૂરતું મનન નથી કર્યું એમ કહ્યાવિના છૂટકો નથી.

ઉપનિષદ્માં જે ધર્મનું દર્શન થાય છે તે ગંગાના નીર જેવું નિર્મળ છે. આંખ, અંતર ને આત્માને આનંદ ને આરામ આપવાની એમાં શક્તિ છે. નાત કે જાતના ભેદભાવવિના માનવ માત્રને માટે તે મંગલકારક છે, તેની બીજી વિશેષતા એ છે કે તેમાં કેટલીક મહત્ત્વની વાતોનો સમન્વય કરવામાં આવ્યો છે. સંસાર, કર્મમાર્ગ, ગૃહજીવન ને એવી કેટલીક વસ્તુઓ તરફ ભારતવર્ષમાં પાછળથી જે ઉદાસીનતા જ નહિ પરંતુ વિરોધી ભાવના પૂરજોશમાં પ્રસાર પામેલી દેખાય છે તેનું મૂળ ઉપનિષદ્માં નથી. પાછળના કાળમાં તત્ત્વજ્ઞાનને નામે જે દુઃખવાદ, તિરસ્કારવાદ, વૈરાગ્યને નામે અકર્મણ્યતા ને પ્રમાદ તથા મિથ્યાવાદ ને ઉપાસનાને નામે જે બાહ્ય કર્મકાંડો ને વિધિવિધાનોની ભરમાર દેખાય છે તેની છાયા પણ ઉપનિષદ્માં નથી મળતી. ઉપનિષદ્માં તો માનવજીવન ને જગત તરફ પ્રેમભાવના કેળવવાના ને સંસારને પરમાત્માનું રૂપ માની તેને મધુમય નજરે જોવાના બોધપાઠ મળે છે. જ્ઞાન, ભક્તિ ને કર્મના ત્રિવેણીસંગમ કે સુભગ સમન્વયનું

તેમાં દર્શન થાય છે. પાછળથી જેમ જેમ વખત વીતતો ગયો તેમ તેમ ઉપનિષદ્‌નો સીધો, સરળ ને સાચો ધર્મ દબાઇ ગયો. પાણી પર લીલ ફરી વળે તેમ તેના પર કેટલાંક સાંપ્રદાયિક જાળાં ફરી વળ્યાં. ધર્મના અનેક ફાંટા ને વાડા થયા. અમુક અમુક વખતે વચ્ચે વચ્ચે મહાપુરુષોએ તેના અસલી સાચા સ્વરૂપને લોકો સામે પ્રકટ કરવાના પ્રયાસ જરૂર કર્યા. તેને લીધે લોકોને લાભ પણ થયો. પરંતુ તેમાં પેઠેલી વિકૃતિ ઊધઇની પેઠે વધતી જ ગઇ. આજે પણ જો વિવેકી બનીને ઉપનિષદ્‌નો વિચાર કરવામાં આવે તો માણસને ધર્મના સાચા પ્રકાશનું દર્શન થાય ને જીવન જોમવંતુ બની જાય. એમાં એવી શક્તિ છે.

માનવજાતિને એવા જ માનવધર્મની જરૂર છે જે તેને પ્રેમ કરતાં, ઉદાર બનતાં, વિવેકી થતાં ને સૌની અંદર જે સારું છે તેનું દર્શન કરતાં શીખવે; ભેદભાવની વચ્ચે વસીને પણ અભેદ-ભાવની પરિસીમાએ પહોંચાડી જે તેને પોતાની જાતને ઓળખતાં ને પોતાની પ્રકૃતિનું નિયંત્રણ કરતાં શીખવે; જે તેને રાગદ્વેષ ને નાનામોટા ઝઘડાથી પર થઇને જીવવાની કળા આપે; વસુધાને કુટુંબવત્ ને આત્મવત્ સમજી એવું ઉત્તમ આચરણ કરવાની શક્તિ આપે; મનની નિર્મળતાનું દાન દે; તનને નીરોગી ને સુદૃઢ તથા વાણી ને મનને મધુમય ને મંગલ કરવાનો ઉપદેશ આપે; જે સત્યની આરાધના કરતાં ને જે મંગલ ને સુંદર છે તેને પ્રભુનું પ્રતીક માની અપનાવતાં શીખવે; સાધનાને નામે કે કોઇ પણ કારણે જે શરીર, સ્ત્રી, સુંદરતા, કૌટુંબિક ને સામાજિક જીવન તથા સંસાર સેવાની ઉપેક્ષા ન કરે; જેના વિશાળ હૃદયમાં પર્વતથી માંડીને નાના કણ સુધીના કોઇ પણ પદાર્થ માટે ધિક્કાર કે દ્વેષનો ભાવ ન હોય; સ્વાર્થ, શોષણ ને શયતાનિયતનો જેમાં સદંતર અભાવ હોય; જેનો આદર્શ મૃત્યુ પછીના કોઇ લોકની પ્રાપ્તિ કે



સુખની સામગ્રી ન હોય પરંતુ આ જ જીવન ને આ જ શરીરમાં તથા આ જ ધરતી પર સ્વર્ગ, મુક્તિ ને શાંતિ આપવાની જેની તૈયારી હોય, તેવા મહાન ધર્મની જગતને જરૂર છે. તે ધર્મ ને તેના આચાર્યો આ ધરતીને સ્વર્ગ ને વૈકુંઠથી મંગલ માની તેને ચાહવાનું ને સમૃદ્ધ બનાવવાનું શિક્ષણ આપશે ને કહેશે કે હે પ્યારા માનવ, આ જગતમાં જીવવું એ એક લહાવો છે—એક મહાન વરદાન છે; જીવન ઝેરનો પ્યાલો નહિ પરંતુ અમૃતનો અક્ષય આગાર છે; ઝેર દેખાય તોપણ તેનાથી ડર્યાવિના શિવ બનીને તેનું પાન કરવાની જરૂર છે; દુઃખ, દર્દ, ચિંતા ને યાતનાની સાથે સ્મિત કરીને પૂર્ણતાના પાવન પ્રવાસમાં નિરંતર આગળ વધવાની જરૂર છે; કોઇમાં ભાન ભૂલ્યા કે કળાબૂડ ડૂબ્યાવિના સૌમાંથી જીવનના રસ, આનંદ ને વિકાસની સામગ્રીની પ્રાપ્તિ કરવાની જરૂર છે; જીવનને પ્રભુમય કરવાની જરૂર છે. નિંદા, ટીકા, પતન ને ઉત્પાત, આપત્તિના અંગાર, અંધકાર, સંકટના સાગર ને દુઃખના દાવાગ્નિની વચ્ચેથી પણ શ્રદ્ધા ને આશાને ખોયાવિના ને હિંમત હાર્યાવિના માર્ગ કરવાની જરૂર છે. પ્રકૃતિની ઉપાસનામાં રસ લેનારો એ ધર્મ પરમાત્માને નહિ ભૂલે ને જીવનના નાનાંમોટાં બધાં કર્મોમાં કેન્દ્રસ્થાને રાખશે; માનવને આદર્શ માનવ થવાની ને સંસારને સમૃદ્ધ, સુંદર ને સુખી કરવાનું તે શિક્ષણ આપશે. તેવો ધર્મ જ પૂર્વ ને પશ્ચિમ, ઉત્તર ને દક્ષિણ ને અસર કરે ને પ્રિય બને. માનવના જીવનને તેવો જ ધર્મ ઉજ્જ્વળ કરે ને આદર્શ બનાવે. તો જ સૃષ્ટિ સુશોભિત બને. શાંતિનું સ્વપ્ન ત્યારે જ સાકાર બને. હિંસા, જડતા ને ભયથી ત્રસ્ત થયેલી ધરતી ત્યારે જ શાંતિનો શ્વાસ લે. દુનિયાના નાનામોટા બધા ધર્મોમાં વત્તેઓછે અંશે આવી સામગ્રી પડેલી છે—આવા ઉપકારક ધર્મના ફણગા લગભગ દરેક ધર્મમાં ફૂટેલા

છે. માણસ તેને ભૂલી ગયો છે એટલું જ. ધર્મમાં મૂળ રહસ્યને ને સાચા સિદ્ધાંતોને ભૂલી જઈને સાધારણ રીતે માણસ આજે બહારનાં દંભ, આડંબર ને ઉપલક વિધિવિધાનોમાં પડી ગયો છે. વિવેકી માણસોએ તેના હિત માટે ધર્મના મૂળભૂત ઉપયોગી સિદ્ધાંતોનો પ્રકાશ કરવાની ને તે પ્રમાણે જીવવાની જરૂર છે. તો જ બીજાને પ્રેરણા મળે ને ધર્મની સાચી સમજ જડે. એ ધર્મના આચરણ માટે બધી જાતના પૂર્વગ્રહ, વહેમ ને ભયનો ત્યાગ કરીને તૈયાર થવાની ને તપવાની જરૂર છે. ઉપનિષદ્‌માં એવા વિશાળ ને મહાન માનવધર્મનું દર્શન થાય છે, ને તે જ ધર્મ આગળ ગીતા જેવા નાના છતાં સુંદર ગ્રંથમાં વધારે સરળ, સુગમ ને સંવર્ધિત સ્વરૂપ ધારણ કરે છે. માનવજાતિના મહાપુરુષોના ઉત્તમોત્તમ ભાવો ને વિચારોનો સંગ્રહ તેમાં જોવા મળે છે. માણસ તેનો જીવનમાં–આચારમાં અનુવાદ કરે એ જ આપણે ઇચ્છીએ છીએ.

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમ જ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫૦૦૭

ફોન : ૩૨૨૮૨૩૧



# किमहं तेन कुर्याम् ।

પ્રો. ડો. જયન્તીલાલ કરુણાશંકર ભટ્ટ

આ શીર્ષક 'किमहं तेन कुर्याम् ।' (આ ધનવડે શો લાભ?) બૃહદારણ્યક ઉપનિષદ્‌નું છે. યાજ્ઞવલ્ક્ય એક સમર્થ ઋષિ છે અને મૈત્રેયી એવાં જ શ્રેષ્ઠ બ્રહ્મવાદિની તેમનાં ધર્મપત્ની છે. તે બંને વચ્ચે તો આ સંવાદ ખરેખર સમજવા જેવો છે.

આજે ભૌતિકવાદ એટલો પ્રબળ બન્યો છે કે નૈતિક અને સાંસ્કૃતિક મૂલ્યોનું મૂલ્ય ભારતીઓ ભૂલી ગયા છે. ભૌતિક સાધનોના મોહમાં ભ્રાન્ત ભારતીય પથિક સદ્‌ગુરુનું શરણ શોધે છે, પણ તે મળતું નથી, કારણ કે સદ્‌ગુરુ માટે પણ સત્શિષ્ય થવું ખૂબ જરૂરી છે. અધિકાર સિવાય જ્ઞાન અપાતું નથી.

ઋષિ યાજ્ઞવલ્ક્ય સંપૂર્ણ સદ્‌ગૃહસ્થ છે. પંચમહાયજ્ઞો કહે છે. યજન–યાજત, ભણવું–ભણાવવું, દાન આપવું અને લોકકલ્યાણાર્થે સ્વીકારવું–એ ષટ્‌કળા સદૈવ કરે છે તેમ છતાં કેવળ શુષ્ક કર્મકાંડમાં પડયા સિવાય જ્ઞાનમાર્ગના યાત્રી છે. તેઓનું લક્ષ્ય જ્ઞાનદ્વારા મોક્ષ છે.

ज्ञानं विना नैव मोक्षः । એ વેદાન્તસિદ્ધાન્ત તેઓ બરાબર જાણે છે. તેથી જ આપ્તકામ–પૂર્ણકામ મહાત્મા યાજ્ઞવલ્ક્ય શ્રીમદ્‌ભગવદ્‌ગીતા (૩–૧૮) પ્રમાણે બરાબર સમજીને જીવે છે.

**नैव तस्य कृतेनार्थो नाकृतेनेह कश्चन ।**
**न चास्य सर्वभूतेषु कश्चिदर्थव्यपाश्रयः ॥**

આ શ્લોક ભગવાન શ્રીકૃષ્ણ પોતાના શ્રીમુખથી યોગ્ય અધિકારી શિષ્ય અર્જુનને કહે છે–

શ્રીકૃષ્ણને કર્મ કરવાથી પણ કોઇ પ્રયોજન નથી. ન કરે તો કોઇ હાનિ નથી ન તો પ્રાણિમાત્ર સાથે તેમને કોઇ પ્રયોજન. તેમ છતાં કર્મ કરે છે. એ જ પ્રમાણે ઋષિ યાજ્ઞવલ્ક્ય બ્રહ્મ દૃષ્ટા છે. છતાં જગતમાં રહીને જગતને અનુરૂપ બધો ઉચિત વ્યવહાર કરે છે. આ જ શંકરાચાર્ય ભગવાનનો વેદાન્તસિદ્ધાન્ત છે કે–

'સંસારમાં સરસો રહે અને મન મારી પાસે.' એમ યાજ્ઞવલ્ક્ય કર્યો કરે છે પણ ધર્મો સાથે તેમને કશી લેવાદેવા નથી.

આવા પૂર્ણ વેદાન્તી, સદ્‌ગૃહસ્થ મહાત્મા યાજ્ઞવલ્ક્યએ એકવાર આ સંસાર ત્યજી એકાન્ત સેવી બની વાણી, ઇન્દ્રિયો અને મનને સંયમમાં રાખી સંન્યસ્ત ધારણ કરવા નિશ્ચય કર્યો.

એટલે પોતાની સંપત્તિનું વિભાજન થવું જરૂરી હતું. ઋષિને બે પત્નીઓ હતી. એક મૈત્રેયી અને બીજી કાત્યાયની. મૈત્રીયી બ્રહ્મવાદિની વિદુષી હતાં તો કાત્યાયની સીધાસાદાં–સરળ–ગૃહિણી હતાં. બન્નેમાં સંપત્તિનું સમાન વિભાજન કરવા માટે બંનેને પોતાની પાસે બોલાવી પોતાનો સંન્યાસ ધારણ કરવાનો નિશ્ચય જણાવ્યો.

હવે ઋષિ મૈત્રેયીને સંબોધીને કહે છે– मैत्रेयीति होवाच याज्ञवल्क्य उधास्यन् वा अरेऽह यस्मात्स्थातादस्मि, हन्त तेऽनमा कात्यायन्वाऽन्तं करवाणीति। (બૃહ. ઉપ. ૨/૪/૧) અર્થાત્ ઓ મૈત્રેયી ! એસ નિશ્ચયપૂર્વક યાજ્ઞવલ્ક્યે કહ્યું–અરે ! હું આ સ્થાનથી (ગૃહસ્થાશ્રમથી) ઉપર (સંન્યાસાશ્રમ પ્રતિ) જવાની ઇચ્છાવાળો છું. આથી અનુમતિ માગું છું કે આ સંપત્તિ તારી અને કાત્યાયની બંને વચ્ચે સમભાગે વહેંચી આપું.

વાર્તાદ્વારા આવાં પરમગૂઢ તત્ત્વો ને સમજાવવાની આ સરસ મજાની શૈલી છે. જેથી વાત ગમે તેવી કઠિન હોય તોપણ સરળતાથી ગળે ઉતરી જાય.



મૈત્રેયીની રજા તે ઋષિ આવશ્યક સમજે છે, કારણ કે તે બ્રહ્મવાદિની વિદૂષી હતાં. તેવી કાત્યાયની સરળ ગૃહિણીની જવાબદારી પણ તેમને (મૈત્રેયીને) સોંપી શકાય તે હેતુથી ઋષિ મૈત્રેયીને આ વાત કરે છે.

ઋષિ વર્ણાશ્રમવ્યવસ્થા સમજે છે. તેથી ઉપનિષદ્ સિદ્ધાન્ત મુજબ गृही भूत्वा वनी भवेत्। वतीभूत्वा प्रव्रजेत्। ગૃહસ્થાશ્રમ-ની ફરજો અદા કર્યા બાદ વ્યક્તિ વાનપ્રસ્થ બને અને છેવટે અનાસક્તિ કેળવ્યા બાદ જ સંન્યાસી બને. જેવી સમાજની આધારશિલા મજબૂત બને અને ક્રમશઃ આગળ અધ્યાત્મને પંથે પ્રયાણ કરી શકાય.

પણ મૈત્રેયી વિદૂષી સન્નારી હતાં. ઋષિને તે સામો પ્રશ્ન કરે છે. એ ભગવન્ ! કદાચ ધનથી સભર આ સમગ્ર પૃથ્વી મને મળે તો તેથી અમરતા સાંપડશે ખરી !

ઋષિ કહે–'ના.' વિત્તથી ભરેલી આ પૃથ્વી મળી જાય તોપણ તેનાથી તને અમરતા મળશે નહિ. કેવળ ધનિકો, વિલાસી સ્ત્રી–પુરુષો જેવું જીવન જીવે છે તેવું જીવન તમને સાંપડે પણ અમરતા સાંપડશે નહિ.

(अमृतत्वस्य तु नाशास्ति वित्तेन। (ધનથી કદી અમરતા સાંપડતી નથી.)

સાંપડે ના અમરતા ધનથી કદી,
અમરતા તો ઈશ્વરનું વરદાન છે.

એટલે વિચક્ષણ, વિદૂષી અને વ્યવહારુ મૈત્રેયી પોતાના પતિ ઋષિ યાજ્ઞવલ્ક્યને કહેવા લાગ્યાં:–

सा होवाच मैत्रेयी येनाहं नामृतास्यां किमहं तेन कुर्याम्, यदेव भगवान् वेद तदेव मे ब्रूहि–इति॥ (બૃહ. ઉપ. ૨/૪/૩)

મૈત્રેયી કહે–જેનાથી હું અમરતા ન મેળવી શકું, તે વસ્તુ (તમે આપો છો તે ધન)વડે હું શું કરું? માટે હે પ્રભો! (હે મુનિ!) આપ જે જાણો છો તે (બ્રહ્મતત્ત્વ) વિષે મને કહો.

આથી ઋષિ ખૂબ જ પ્રસન્ન થયા. કહ્યું–હે પ્રિયે! તું ધન્ય છે. તું ખરા અર્થમાં બ્રહ્મવાદિની છે. આમ પણ તું તારાં જ્ઞાનકર્મની સર્વોચ્ચ નિષ્ઠાથી મને ખૂબ પ્રિય છે પરંતુ આજે તે હદ કરી નાંખી છે. તું સાચા અર્થમાં મારી સહધર્મચારિણી છે.

દામ્પત્યજીવન ત્યારે જ ધન્ય બને કે જ્યારે પતિપત્ની એક જ માર્ગનાં પ્રવાસી હોય. આ માર્ગ અધ્યાત્મનો માર્ગ છે અને તે કઠિનમાર્ગ છે. બંને એક જ વિચારધારાથી આપ્લાવિત થાય તો જ એ બની શકે. આ પંથ તલવારની ધારપર ચાલવા જેવો વિષય છે. કાયરનું આ કામ નથી. જેણે આ માર્ગપર પગ મૂક્યો ત્યારથી તે વિષમ અસિધારાવ્રતને કોઇ પણ ભોગે પૂર્ણ કરવા તત્પર રહેવું પડે છે. કવિએ કહ્યું છે તે પ્રમાણે–

હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને,
પરથમ પેલું મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને.

આ માર્ગપર ચાલનારને ઉંહકારો કરવાની મનાઇ છે. એ તો કોઇ મીરા કે નરસિંહ, કોઇ જ્ઞાનેશ્વર તો કોઇ ગોરો (કુંભાર ભગત) જ આ માર્ગે અવિરત ચાલે અને ઉંહકારા સિવાય અનલ-હક્કનો નાદ ગજવી ચરમલક્ષ્યને મેળવી શકે છે.

યાજ્ઞવલ્ક્ય જેવા ઉત્તમ મહર્ષિ અને મૈત્રેયી જેવાં પરમ બ્રહ્મ-વાદિની સહધર્મચારિણી જ આવો દિવ્ય આનંદ દામ્પત્યજીવન સાથે માણી શકે છે.



# પરમનો પ્રસાદ

પ્રા. તરલા દેસાઇ

આ વિશ્વમાં કશું યાદૃચ્છિક નથી થતું, આકસ્મિક લાગતી ઘટનાઓ પાછળ પણ વિશ્વનિયંતાની કોઇ ને કોઇ યોજના હોય છે. શ્રી રમણ મહર્ષિ કહે છે તેમ, 'કર્તા પ્રત્યેક જીવને પ્રારબ્ધ પ્રમાણે અથવા પૂર્વકર્માનુસાર ચલાવે છે. જે થવાનું છે તે અટ-કાવવાના ગમે તેટલા પ્રયત્નો કરવા છતાંય થવાનું જ છે અને જે નથી થવાનું તે નથી જ થવાનું. તેથી સૌથી શ્રેષ્ઠ ઉપાય શાન્ત રહેવાનો છે.'

તા. ૨૪ મી જુલાઇ, ગુરુપૂર્ણિમાની રાત્રિએ ૧૨–૩૦ વાગ્યાના સુમારે અંબાજીથી અમદાવાદ જતી મારુતિવાનને નડેલો અકસ્માત્ આ વાતની સાહેદી પૂરે છે.

અંબાજી સ્વર્ગારોહણના પવિત્ર ધામમાં, 'યોગતીર્થ'ની મંગલ સંનિધિમાં અને પરમ પૂજ્ય મા સર્વેશ્વરીના પુનિત પ્રેમથી સંપન્ન એવું 'ગુરુપૂર્ણિમા'નું પર્વ અત્યંત આનંદથી માણી માના દસ ભક્તો અમદાવાદ પાછા ફરી રહ્યા હતા ને રસ્તામાં આ વિઘ્ન આવ્યું.

પરમ પૂજ્ય માની ઇચ્છા અમને દસ વાગે વિદાય આપવાની હતી અથવા રાતે રોકી સવારે મોકલવાની હતી. પણ ટૂંકી બુદ્ધિવાળા અમે અમારા ટૂંકા માપની ગણતરી કરી ૮–૩૦ વાગ્યે નીકળી પડયા. એટલી ખોટી ત્વરા, ઉતાવળથી ખોટો નિર્ણય થઇ ગયો. કેટલાકે સાંજનો પ્રસાદ લીધો કેટલાકે ન લીધો, કેટલાકે સામાન ઉતાવળથી ભેગો કરી ગાડીમાં જેમતેમ ખડકી દીધો. બધું

જ અવ્યવસ્થિત, યોજનાવિનાનું લથરપથર! ગાડીમાં અમે ગોઠ-વાયા પણ એવી જ રીતે! પૂ. માએ દ્રષ્ટા તરીકે આ બધું અનુ-ભવતાં કેવો આંચકો અનુભવ્યાં હશે એ પરિમિત બુદ્ધિના અમે નિર્વિઘ્ને નજરઅંદાજ કર્યું.

અલબત્ત, પૂ. માએ તો એમની નિત્યની ટેવ–પ્રકૃતિ મુજબ અમને સર્વને ગાડીસુધી આવી આશીર્વાદ આપ્યા. બે નાનાં બાળકોના માથાપર તો અપૂર્વ વાત્સલ્યથી ફરી–ફરીને આશીર્વાદ વરસાવ્યા. ગાડીનું બારણું પણ સ્વહસ્તે બંધ કર્યું. અને ગાડીના માલિક ભાવિનભાઈએ કહ્યું 'મારી ગાડીને માના વરદહસ્તનો સ્પર્શ થાય એવી મારી ઘણા વખતની ઇચ્છા આજે સફળ થઈ!'

પછી ગાડી સ્ટાર્ટ થતાં જ પૂ. માના ભક્તોએ પ્રયાણ સમયની પ્રાર્થના ગાઈ અને શ્રી યોગેશ્વરાય નમઃ ૐ મા શ્રી સર્વેશ્વર્યૈ નમઃ અને મા જ્યોતિર્મયી નમઃ ના મંત્રોચ્ચાર સાથે ગાડી ઉપડી. પાછળના કાચમાંથી પાછા વળતાં પૂ. માનાં દર્શન થયાં પણ અરુણાબહેને નિત્યની જેમ મને પ્રેમભર્યો ઉપાલંભ આપ્યો. 'માને છેક સુધી હાથ દર્શાવી શકાય, માનાં દર્શન થાય એવી રીતે કેમ ન બેઠાં?' પણ મે કહ્યું, 'કંઈ નહિ, જ્યાં જે બેઠાં ત્યાં બેઠાં?' પછી ગાડી ચાલતાં ગીતાબેનથી પવન સહન નહતો થતો અને મારે પવન જોઈતો હતો એટલે અમે સીટની અદલાબદલી કરી!

લગભગ અડધો રસ્તો વટાવ્યા પછી અમે નક્કી કર્યું કે ગાડીચાલક ભાવિનભાઈ ચા પી ફ્રેશ થાય. અમે બધાએ ઊતરી, આઈસ્ક્રીમ, વેફર નાસ્તો, કોલ્ડ્રીંક્સ, ચા... જેને જે અનુકૂળ આવ્યું તે લીધું. અને પાછા પૂર્વવત્ ગાડીમાં ગોઠવાઈ ગયા.

ત્યાર પછીને રસ્તે જાગૃત હતા ભાવિનભાઈ, એમની બાજુ-માં બેઠેલા વિજયભાઈ, મિહિરભાઈ અને પ્રચેતાબહેન! અરુણા-



બહેન, ગીતાબહેન, ધર્મિષ્ઠાબહેન (એમના હાથની દૃઢ પકડમાં ૧૧ મહિનાની બેબી (શિવાહની) ભર ઊંઘમાં હતી. આગળ બેઠેલો એમનો બાબો વિસર્ગ પણ ઊંઘમાં હતો. હું જાગૃત–નિદ્રિત અવસ્થામાં હતી. ત્યાં અચાનક ગાડી ઊભી રહી એવું લાગતાં મને લાગ્યું કે ઘર આવી ગયું. એટલે બારણું ખોલવા ગઈ ત્યારે બહાર ટોળું બૂમો પાડતું હતું કે 'ગાડીને સીધી કરો.' અને અરુણાબહેનનો સ્વર 'પ્રચેતા તરલાબહેનના પગને સંભાળજે' અને 'શ્રી યોગેશ્વર રક્ષમામ્ શ્રી સર્વેશ્વરી રક્ષમામ્'ના સ્વરો ગુંજતા હતા. મારામાં બહુ જ ઊંડે અત્યંત શાંત–સ્થિર ગતિએ મા સર્વેશ્વરીનું સ્મરણ ચાલતું હતું. મને ઘટનાની ગંભીરતાની જરા પણ સુધ નહોતી. કેવળ મેં એટલું કહ્યું કે 'ગાડી સીધી કરતાં પહેલાં મને બહાર કાઢો.' મને કોણે બહાર ખેંચી મને કંઈ ખબર નથી પણ બહાર આવતાં હું બેસવા ગઈ તો બેસાયું નહિ, પીઠમાં અને છાતીમાં સખત વેદના થતી હતી. શ્વાસ રુંધાતો લાગતાં મેં પાણીની માગણી કરી. એક અજાણ્યા ભાઈ પાણીનો મોટો શીશો લઈ 'લો, પાણી પી લો.' કહેવા લાગ્યા. પણ ખબર નહિ એ દશામાં પણ મેં એમના હાથે પાણી પીવાની ના પાડી. અને ત્યાં જ મિહિરભાઈએ મને પૂછ્યું, 'તરલાબહેન, તમને શું થાય છે?' મેં કહ્યું, 'મારી પાણીની બોટલ ગાડીમાં છે, મને એ પાણી પાઓ.' અને મિહિરભાઈ એ બોટલ લઈ આવ્યા પછી જ મેં પાણી પીધું. ત્યાં અરુણાબહેન–વિજયભાઈ (બધા) પ્રચેતા-બહેન, ગીતાબહેન, ભાવિનભાઈ બધા જ મારી ખબર પૂછતા સંભળાયા. સાથે જ અરુણાબહેનનો રડમસ અવાજ સંભળાયો 'તરલાબહેન વિસર્ગને માથામાં ખૂબ વાગ્યું છે.' અને એટલામાં જ કોઈની ગાડી આવી અને અમે બધા એમાં ગોઠવાયા. એ ભાઈએ અમને શોલાની સિવિલ હોસ્પિટલમાં પહોંચાડવાનું કબૂલ્યું

પણ વિજયભાઇએ એમને અમદાવાદના જયદીપ ટાવરમાં ક્લિનિક ધરાવતા ડોક્ટરમિત્ર સુધી પહોંચાડવા વિનંતિ કરી. થોડી આનાકાની પછી એ ભાઇના દિલમાં રામ વસ્યા અને તે તૈયાર થયા. અને અમે બધા (અડધા) એકાદ કલાકમાં ડૉ. અમીનના દવાખાનામાં આવી ગયા. ૧-૩૦ વાગે તો ડોક્ટર એમના આસિસ્ટન્ટ સાથે આવી પહોંચ્યા અને અમને બધાંને વારાફરતી તપાસી ટિટેનસ, એન્ટિબાયોટિક્સ, પેઇનક્લિર વગેરેની સારવાર આપી દીધી. વિસર્ગને તો ૨૫ ટાંકા તાત્કાલિક લેવા પડયા.

સવારે બધાંના એક્ષરે લેવડાવ્યા. તો બધાંના રિપોર્ટ નોર્મલ આવ્યા. કેવળ મારી ચેસ્ટના ભાગમાં બે ક્રેક આવી. અને ૨૪ કલાક ક્લિનિકમાં ઓબર્ઝેવશન હેઠળ રાખી, અમને ઘરે મોકલ્યા. એક અઠવાડિયામાં તો વિસર્ગ પણ શાળાએ જતો થઇ ગયો. કેવળ મારે છ અઠવાડિયાનો બેડરેસ્ટ આવ્યો. કોલેજ અને ઘર-કામ બંનેમાંથી સંપૂર્ણ નિવૃત્તિપૂર્ણ આરામયોગ આવ્યો.

આશ્ચર્યની વાત તો એ છે કે, અમને 'સ્વર્ગારોહણ'-અંબાજીથી અમદાવાદ લઇ આવતી મારુતિવાન અચાનક જ નિરમા કોલેજ આગળ આવેલા રોડ ડિવાઇડર માટેની રેલિંગપર એ ચઢી જતાં, ત્રણ પલટી ખાઇ એ પડી અને અમે બધાં ઓછા-વત્તા પ્રમાણમાં ઘવાયાં-એ ગાડીની હાલત જોતાં બહુ મોટો ગમખ્વાર બનાવ બની શકત પણ અકસ્માત્નો કોઇ પ્રભાવ ચિત્તપર પડયો નહિ એટલું જ નહિ, કોઇએ ભયસૂચક ચીસ ન પાડી, વિસર્ગ જેવો સાડાચાર વર્ષનો નાનકડો બાળક પણ રડારોળ કરવાને બદલે ચૂપ-શાન્ત હતો. કોઇ સ્વપ્નથી વિશેષ એ ઘટના લાગી નહિ. બધી વિગતો જેમ જેમ ભેગી થતી ગઇ ત્યાર બાદ એના શ્રવણથી એની ગંભીરતા સમજાઇ પણ એક સ્નેહસુરક્ષિત ભાવ, ગેબી રક્ષાકવચે અમને એક સામાન્ય રોજિંદા



બનતા પ્રસંગની જેમ એની સ્વીકૃતિ સહજ કરાવી. ક્લિનિકની સારવાર, એક્સ-રે (રિપોર્ટ) પરીક્ષણ આ સર્વ વાસ્તવિકતાઓ જાણે રોજબરોજના સહજ જીવનના એક ભાગરૂપે જ આવી, પસાર થઇ ગયો.

બેઠા મારની પીડા એક અઠવાડિયું તો અસહ્ય રહી છતાં અંદર ગજબ શાંતિ હતી! દ્રષ્ટાભાવે એમાંથી એમ જ પસાર થઇ જવાયું. કોઇએ કોઇને માટે કોઇ ફરિયાદનો સૂર કાઢયો હોય એવું ન બન્યું એટલું જ નહિ, ક્લિનિકમાં જાણે અમે દર્દીઓ તરીકે નહિ પણ કુટુંબિજનો કોઇ માણેલા પ્રસંગની પૂર્ણાહુતિ માટે એકઠા થયા હોઇએ એવો પ્રસન્ન માહોલ હતો. વિધિપુર:સરની તમામ આવશ્યક સારવાર હેઠળ સર્વ હોવા છતાં કોઇના ચિત્તમાં ચિંતા-ઉદ્વેગ-વ્યથા ન હતાં. બધાં એકબીજાની સલામતી-ફિકર અત્યંત પ્રેમથી કરતાં જણાયાં.

મારુતિવાનના માલિક ભાવિનભાઇ જે બિચારાએ અમને એમની ગાડીમાં આરામદાયક સગવડ આપી હતી એ અમારી સ્થિતિ જોઇ રડી પડયા. પોતાનાથી ભૂલ અપરાધ થયાનો ભાવ વ્યક્ત કરતાં ચોધાર આંસુ વહાવવા મંડેલા. એમના હૃદયની કોમળતાએ અમને બધાંને હલાવી દીધા. બહુ મુશ્કેલીથી એમને સમજાવી શકાયા. એમનાં મમ્મી-પપ્પા પણ બહુ ભાવથી અમારી ખબર કાઢવા આવી પહોંચેલા!

માના ભક્તો બિપીનભાઇ, આરતીબહેન તો હોસ્પિટલમાં શિરો, દૂધ વગેરે લઇને અને દમયંતીબેન-નરેન્દ્રભાઇ દૂધ-ચા-ફળો વગેરે લઇને દોડી આવેલાં. અમદાવાદ, રાજકોટ, ભાવનગર, મોરબી, મુંબઇ, સૂરત, વડોદરા, અંબાજી, ન્યૂજરસી, લોસ એન્જલસ બધેથી ફોનની ઘંટડીઓ અમારા ખબરઅંતર કરવા રણકી ઊઠેલી. અમદાવાદના સ્નેહીજનો, સ્વજનોની મુલાકાતનો દોર તો આજસુધી ચાલુ છે.

કંઇ કેટલાયનો સ્નેહ–છલકતો પ્રેમ આ ઘટનાનિમિત્તે અનુભવવા મળ્યો. ઘરે ગયા પછી પણ માના ભક્તો ફળો, નાળિયેર, પુષ્પો સાથે નિયમિત આવતા રહ્યાં. એમાં દમયંતીબેને તો મા–પ્રભુની વાતો કરી એવો સરસ કલાકનો સત્સંગ કરાવ્યો. અને આરતીબહેને તો સતત ૨૧ દિવસસુધી પાલખનો સૂપ 'મા'નો પ્રસાદ રોજ સવારે સ્વયં પધારી પ્રેમથી આખા દિવસમાં ત્રણચાર વાર પી શકાય એ રીતે આપ્યા કર્યો. ખબર કાઢવા આવનારાં ઘણાંએ કહ્યું, 'ચહેરો ખિલ્યો છે.' મેં કહ્યું, 'મા અને માના ભક્તોની આ કમાલ છે.' અરુણાબહેનને પોતાને માથામાં વાગેલું હોવા છતાં એ સ્નેહવશ ઘરે બેત્રણ દિવસે ફળોસહ આવ્યાં જ. પ્રચેતાબહેન કે જેમણે ગાડીમાં સતત મારે મસ્તકે હાથ ફેરવ્યા કરેલો એ પણ બહુ પ્રેમથી ક્લિનિકપર અને ઘરે નિયમિત આવતાં રહ્યાં. એમનાં ભાભી–પપ્પા પણ ખડેપગે રહ્યાં.

આમ એક અકસ્માતે આટલી બધી ભાવસંપત્તિ ધરી દીધી–માના ભક્તજનોની!–આ બધી વાતો–વિગતો તો અમદાવાદ મધ્યે બની, અમારા સંદર્ભમાં ઘટી.

પણ અંબાજીસ્થિત માના હૃદયની વિહ્વળતા જ્યારે અમે જાણી ત્યારે અમને થયું જગતમાં કરોડો જીવોની ચિંતા કલ્યાણ કરવા જે અવતર્યાં છે એ માને અમારા જેવા કીડીસમ જીવાત્માઓની, કીડી જેટલી વેદનાની પણ કેટલી ફિકર છે! પૂ. માના જ આશીર્વાદથી એક ઘટના ગમખ્વાર થતી અટકી ગઇ. બધાંનો ચમત્કારિક બચાવ થયો. એ માનું એક જ રટણ 'તરલાબહેનને મેં બોલાવ્યાં. એટલે આ ઘટનાની જવાબદારી મારી!' 'ખરેખર તો પ્રભુનું કાર્ય કરવા આપણને નિમિત્ત બનાવી, આપણી પાસે સત્કાર્ય કરાવી એ સતત આપણું કલ્યાણ કરે છે. એટલે ગુરુપૂર્ણિમા અવસરનું ગુરુપરનું પ્રવચન એ પૂ. માની મૌનની



**અભૂતપૂર્વ ગરિમાના સાગરમાંથી ગ્રહેલી એક શબ્દાંજલિ–** (એક ખોબો માત્ર) હતી. એ રીતે તો હું ઉપકૃત–અનુગ્રહિત થઇ હતી. મારા જીવનની એ ધન્યપળો હતી. કોઇ સત્કાર્ય માટે થયેલી આપણી પસંદગી એ આપણા આત્મગૌરવને આત્મશ્રદ્ધાને તેમ જ પ્રભુશ્રદ્ધાને બઢાવનારી દૃઢ કરનારી વાત હતી. પણ પ્રેમમયી મા, નિતાન્ત કરુણામયી માની અપાર વિનમ્રતા એ હકીકત પર એટલો પ્રેમ મઢી દે છે કે આપણને એમ જ લાગે કે આ એક તિરાડે કેટલું બધું વળતર મેળવી લીધું! આપણે તો છેવટે સફળ સોદાબાજ જ સાબિત થયા!

પરમ કરુણાળુ માને આ ઘટનાની જાણ થતાં જ માનસિક રીતે એમનો કરુણાળુ હસ્ત અમ મસ્તકે સતત ધરી રહ્યાં. એનાં નેત્રોમાં અમ પ્રત્યેની અનુકંપા અશ્રુસ્વરૂપે છલકતી રહી. દિવસના ત્રણચાર ફોનદ્વારા એમનો પ્રેમપ્રવાહ અમને ભીંજવતો રહ્યો. અને ત્રીજે દિવસે તો એમણે એમના બે દૂતો દમયંતીબહેન અને મંજુલાબહેનને છેક અંબાજીથી અમારા રૂબરૂ ખબરઅંતર માટે પાઠવી દીધા–અઢળક પ્રેમપ્રસાદી સાથે!! પરમ પૂજ્ય માના અનુગ્રહના આ પ્રેમપ્રકારથી અભિભૂત હું તો આ બંને સ્નેહદૂતોની સામાન્ય આગતાસ્વાગતા કરવાનો વિવેક સુદ્ધાં વિસરી ગઇ! અલબત્ત, એમણે તો સૌજન્યથી 'અમે હોટલમાં બધું પતાવીને આવ્યાં છીએ' એવું કહ્યું પણ તો ય આ ભેજામાં એમને માટે કશું મંગાવાનો વિચાર પણ ન આવ્યો.

છતાં પરમ પૂજ્ય માના આ બંને દૂતો અમને એમની પ્રેમાળ વાતોથી પખાળીને સાંજે તો અંબાજી માપાસે રૂબરૂદર્શનનો સંદેશ લઇને પહોંચી ગયાં.

પછી માએ દિવસમાં ત્રણવાર ફોન કરવાનો એમનો સિલસિલો જારી રાખ્યો. દરેક વખતે અમદાવાદ આવવાની વાત કરે

પણ કહે 'તમારી બીક લાગે છે, તમે વઢો.' મેં કહ્યું, 'હા મા! મારી બીક રાખજો જ. આપ ૨૪ મી ઓગસ્ટે અમેરિકા જવા વાયા અમદાવાદ થઈને જ જવાનાં છો, એટલે આપના દર્શન તો નિશ્ચિત છે જ. આપને શિરે વિશ્વનું કલ્યાણ છે એટલે અમારા જેવા ક્ષુદ્ર જીવો માટે તકલીફ ન જ લેશો. આપની કરુણાએ તો અમને બચાવી લીધાં છે. અને મારે માટે તો ગુરુપૂર્ણિમાનું પર્વ એક દિવસનું જ રહેતા, પૂરા છ અઠવાડિયાસુધી લંબાયું છે—વિસ્તર્યું છે. હું હજી એ જ કેફમાં છું. એટલે અમદાવાદ આવવા છતાં સ્વર્ગારોહણમાં આપની સંનિધિમાં જ છું. જે સદા સંગે છે એને વળી આવવું—જવું શું?'

પણ મા જેનું નામ છે, અસીમ મમતા જેનું એક માત્ર ઓળખપત્ર છે એ મા તા. ૫ મી ઓગસ્ટે અમદાવાદ પધાર્યાં જ! 'અંબાજીથી મોડાં સત્યપથ પધારશે' એવો સંદેશ પાઠવી મા સમીસાંજે સીધાં મારા ઘરે તપોવન પધાર્યાં! મારી રૂબરૂ આવી ઊભાં ત્યારે જાણે મારી ભીતરમાંથી બહાર પ્રગટયાં હોય એવો ભાવ મેં અનુભવ્યો. શ્રી બીપીનભાઈ અને આનંદભાઈ માના ચરણકમળમાં ઘરમાં નીચે જ ફર્સપર બિરાજ્યા. માના આગમનના કેફમાં હું એમને માટે આસન પાથરવાનો વિવેક પણ ચૂકી ગઈ. માના આગમનના હવામાં ભણકારા હતા એટલે વળી એક સોફાપર મખમલની પૂ. માએ જ બક્ષેલી જાજમ અને શ્વેત કોરી ચાદર બિછાવેલી હતી. પણ દીવાનખંડમાં તો પવને પાથરેલી ધૂળ—પાંદડાંની બિછાત હતી. છતાં મા તો અત્યંત સહજભાવે એમની નિત્યસંગિની સ્લેટપર સંવાદ કરવા માંડયાં. મને નીચે બેસેલી જોઈ એમને બહુ પ્રસન્નતા થઈ. (અકસ્માત્ પછી પહેલી જ વાર મા આવતાં જ આપમેળે અચાનક મારાથી નીચે બેસી જવાયું હતું.) હવામાં ભેજ હતો અને માને ત્રણચાર દિવસથી



ઘણી પીડા હતી. (અકસ્માત્માં ઈજાગ્રસ્ત પગ—માથાપર માને હથોડાના ઘા થતાં હોય એવી પીડા થાય છે. છતાં મા એને હંમેશ વેદનાપ્રસાદની સિતાર રણઝણતી અનુભવે છે) છતાં ચાર—સાડા-ચાર કલાકના રસ્તાના થાકને ગણકાર્યાવિના અપાર શાંતિ—સ્ફૂર્તિ-થી નિરાંતે બિરાજ્યાં. મારે માટે માનું આ આગમન એક સુંદર સ્વપ્ન સમું હતું. રહી—રહીને મનમાં એક ખ્યાલ આવતો હતો કે 'આ જગદંબા છેક અંબાજીથી અમારે આંગણે ઊતરી આવ્યાં—કેવળ એક—બે તિરાડનું આવું—આટલું સન્માન! જે સંપૂર્ણપણે દેહાતીત છે એ ભક્તજનના દેહના એક અંગની પીડાનું આટલું બહુમાન કરે છે! પણ આ નિમિત્તે, આ બહાને પૂજ્ય માએ મારામાં નિર્લેપતા પ્રગટેલી જોઈ બહુ રાજી થયાં અને સ્લેટપર લખ્યું, 'કોલેજ માટે આપણે અનિવાર્ય નથી. ઘર માટે પણ આપણે અનિવાર્ય નથી. આ પાઠ મહર્ષિએ આ રીતે ભણાવ્યો. કેવું સરસ!'

પછી બીજે દિવસે ૬ ઠ્ઠીએ તો માએ અરુણબહેનને ૧૧ વાગે સત્યપથપર બોલાવી લીધેલાં! ૨ વાગે ભાર્ગવભાઈ, અરુણાબહેન, દમયંતીબહેન સાથે મા ઘરે પધાર્યાં. વિસ્મયચકિત મને કહે : અમદાવાદ આવવાનું પ્રયોજન જ તમે હતાં. અને અચાનક મા અણધાર્યા પધારેલાં એટલે સોફાપર કંઈ બિછાવ્યું નહોતું છતાં માએ એના પર કંઈ બિછાવવાની સંમતિ ન આપી, અને કેવળ શ્વેત ચાદર પાથરવા દઈ, એના પર જ પૂરાં ચાર—સાડાચાર કલાક બિરાજ્યાં. આખી સૃષ્ટિનું શિવતત્ત્વ અમારા ઘરની મધ્યે મારૂપે પ્રતિષ્ઠિત હતું. એમના ચરણકમળમાં વીતાવેલા એ કલાકો મારા સમસ્ત જીવનની અતિ મહામૂલી ક્ષણોની સંપત્તિ બની ગયાં. સાચે જ એક સંતનો આવો આટલો નિર્વ્યાજ પ્રેમ, (કરુણા, અનુગ્રહ) મને એવી ધન્યતા અર્પી ગયો છે કે, એ અનુભૂતિ શબ્દાતીત બની રહે છે. 'માંહી પડયા તે મહાસુખ માણે' ને દેખણહારા દાઝે

નહિ, તાપે, પ્રકાશ કિરણ ઝીલી પ્રસન્ન થાય એવી પ્રસન્ન એ ઘડીઓ હતી.

આ જ મા અંબાજી જવા નીકળ્યાં તે ૭ મીએ પણ ઘરે પધાર્યાં અને જે ખભાએ આગલી રાતે બહુ પીડા આપી હતી એને અત્યંત વ્હાલથી પસવારતાં, મીઠાં મધ વચનો વરસાવતાં કલાક બિરાજ્યાં, 'ચાલો ઊઠીશું? ભાર્ગવભાઈને પાછા અમદાવાદ આવવાનું છે' કરી ઊઠયાં ત્યારે આંખોમાંથી જે અશ્રુ વહ્યાં એનાથી મન–હૃદય આજે પણ ભીનાં છે.

પરમ પૂજ્ય માની સુખદ–વરદ સંનિધિના એ ત્રણ દિવસ ૫, ૬, ૭ ઓગસ્ટ મારી અહમ્–મુક્તિનાં જાણે ત્રણ પુનિત પગલાં બની ગયાં. આ 'મા', આવાં 'મા'નો આવો અનુગ્રહ જો આપણા પર હોય તો હવે જગતમાં કંઇ પ્રાપ્તવ્ય જ ન રહ્યું. અકસ્માત્નું આવું અકલ્પ્ય આખા ભવનો ફેરો સફળ કરી નાંખે એવું વળતર અને તે પણ કોઇ કોર્ટમાં દાવો માંડયાવિના સામેથી એવોર્ડરૂપે મળે એનાથી મોટું સૌભાગ્ય બીજું કયું હોય?

ગુરુપૂર્ણિમાના સ્વર્ગારોહણના પુનિત પર્વે મને મળેલી અકસ્માત્ની બક્ષિસ **શિષ્યદક્ષિણા** બની ગઇ. (માએ એ જ દિવસથી ગુરુદક્ષિણારૂપે ફૂલ–ફળ કોઇ પણ પ્રકારની ભેટ નહિ સ્વીકારવાના નિર્ણય પાછળનો આ ભેદ, આ જ રહસ્ય હશે) આ અકસ્માતે મને શારીરિક પીડા આપી પણ મારા મનને રાગદ્વેષથી પર કર્યું, અનાસક્ત કર્યું. મારા આત્માને તો નરી પ્રસન્નતા જ અર્પી અને ઘટના ઘટી કેમ કે પ્રાક્–આરબ્ધ–આ પહેલાં આરંભાઇ ગઇ હતી પણ એને માની કરુણાએ દુર્ઘટના ન બનવા દીધી, એટલું જ નહિ; એને ગુરુપદનું ગૌરવ આપી એણે શું શું શીખવાડયું એની જાગૃતિ (Awareness) અર્પી ગઇ.



કોલેજમાં એક સી. એલ. ન લેનાર અધ્યાપિકાનો ઘમંડ ચકનાચૂર કરી, પૂરા બે મહિનાની માંદગીની રજા (સિક–લિવ) લેવડાવી, 'આપણે ક્યાંય અનિવાર્ય નથી'નો બોધ અર્પી, આપણા શરીરના એક અંગનો છેદ કેટલાં બધાંની સેવા માગી લે છે. સગાં, સ્નેહીજનો–સ્વજનો, પરિજનો આપણા માટે કેવા–કેટલાં અનિવાર્ય છે અર્થાત્ ટકવા માટે, શ્વાસોચ્છ્વાસ લેવા માટે પણ આપણે કેટલાં બધાનાં ઋણી છીએ એ ભાન જગાડતી ગઇ. અને સૌથી શિરમોર તો મા જેવા સંતનો જેના મસ્તિષ્કે વરદ હસ્ત છે, એનો વાળ વાંકો ભલે થાય પણ એનું મસ્તિષ્ક કેવું ગૌરવવંતુ બને છે, આત્મશ્રદ્ધાનો દીપ કેવો પ્રજ્વલિત બને છે, અને એને જ સમાંતરે પ્રભુશ્રદ્ધા પણ કેવી ઝલમલે છે; એનું સુભગ દર્શન કરાવતી ગઇ; એની અનુભૂતિ મને કૃતાર્થ–કૃતાર્થ કરી રહે છે.

જનમભર મને આ વાતનું વિસ્મય રહેશે કે એક અકસ્માત્-ની ઘટના એની કોઇ દેખીતી–અસર, એનો સ્થૂળ ચમત્કાર બતાવ્યાવિના પસાર થઇ ગઇ, એનું ઘટનાતત્ત્વ સુદ્ધાં ઓગાળી ગઇ; પણ એના હાર્દમાં–ભીતરમાં રહેલ પરમ તત્ત્વ કેવું પ્રગટાવી ગઇ! માની પરમ કૃપાથી એ પરમ પ્રસાદરૂપ કેવી બની ગઇ! મારા ક્ષુદ્ર જીવ પર 'મા–પ્રભુ'ની કેવી કરુણા!!. રહી–રહીને પ્રાણ માનું રચેલું પદ રટે છે :

'નમન હો પ્રાણપ્રિય તમને!
સતત પડખે ઊભાં જ છો,
દઇ દર્શન કૃપા કરી જ છે.'

તો અમે સદા આપની કરુણાને પાત્ર રહીએ એવા આશીર્વાદ મા આપશો.

નાની કે મોટી કોઈ પણ ક્રિયા ભગવાનને અર્પણ કરતાં શીખી લો. તેથી તેની ભાવના ને તેના સ્વરૂપમાં ફેર પડી જશે. જુઓ–ખાવાની ક્રિયા તદ્દન સાધારણ છે, પણ તેમાં ભગવાનને ભેળવી દો, એટલે તે અસાધારણ બની જશે. કેટલાક લોકો યંત્રની જેમ ખાય છે. ટપાલની પેટીમાં જેમ કાગળ નાંખીએ તેમ મોઢામાં ખોરાક નાંખતા જાય છે. પૂરું ચાવતા નથી ને શાન્તિ પણ રાખતા નથી. ખોરાક કેમ ખાવો એ પણ એક કળા છે. તેની અસર જીવનપર બહુ ભારે પડે છે. તેથી શરીરની અને મનની સુખાકારી પર પણ તેની અસર પડે છે. એટલે ખોરાકનો એકેક કોળિયો ખાતી વખતે ખૂબ શાન્તિ રાખવી.

— યોગેશ્વરજી


સૌજન્ય :

જ્યોતિષ વિષયક સચોટ માર્ગદર્શન
ધાર્મિક પૂજન વિધિ
કોમ્પ્યુટરાઈઝ જન્માક્ષર

✆ 436216
435371

॥ મા સર્વેશ્વરી જ્યોતિષ કાર્યાલય ॥
પ્રોફેસર શ્રી વિજયભાઈ પંડિતજી
જ્યોતિષાચાર્ય, ડબલ ગોલ્ડ મેડાલીસ્ટ (M.S.U.)
૨૦૧/બી, 'સ્નેહસુધા', સુરસાગર સામે, મ્યુઝિક કોલેજની બાજુમાં,
દાંડીયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧. ફેકસ : ૯૧(૨૬૫) ૪૩૫૩૭૧
Website : www.vijaybhaipanditji.com
E-mail : vijaybhaipanditji@hotmail.com




મા સર્વેશ્વરીની

# સહજ લીલાઓનું દર્શન

સ્થળ : સ્વર્ગારોહણ, એપ્રિલ : ૨૦૦૨ — મંજુલાબેન ભાવસાર

### ૧. વ્યાયામથી શરીર સુદૃઢ થાય

સ્વર્ગારોહણમાં પૂ. મા વિચરણ કરે છે. સવારની સત્સંગની બેઠકમાં પૂ. મા પ્રણામ કરે છે. ત્યારબાદ પોતાના ખંડમાં કસરત કરે છે. કસરત કર્યા પછી હીંચકાપર બિરાજમાન થાય છે. પૂ. મા નિત્યપાઠ, સ્તુતિ વગેરે કરે છે. તારક અને યોગેશ પૂ. મા પાસે આવે છે. શ્રી પંડિતજી પણ આવે છે. પંડિતજીના શરીરની સ્થૂળતા વધતી જાય છે એટલે પૂ. માને ચિંતા થાય છે. શરીરની સ્થૂળતા વધતાં રોગોનો ભોગ બનાય છે. પૂ. મા સ્લેટ પર લખીને સૂચના આપે છે કે 'તમારા શરીરની મને ચિંતા થાય છે. અમે ૧૨૫ વખત વિવિધ રીતે કૂદકા મારીએ છીએ.' આમ કહી પૂ. મા કૂદકા મારવાની વિવિધ રીત બતાવે છે. અમેરિકામાં કેલગેરી શિબિરમાં પૂ. મા આવી રીતે કૂદકા મારીને સાધકોના આરોગ્ય માટે વ્યાયામ, કસરત માટે પ્રેરણા આપતા રહેતાં.

આ બધું બતાવવા પાછળ પૂ. માનો આશય એ છે કે દરેક વ્યક્તિએ એ સમજવું જરૂરી છે, સંસારમાં રહો કે સાધના કરો, શરીરને સ્વસ્થ અને સુદૃઢ રાખવું પડશે. કારણ? શરીર એ સાધન છે અને જો એ સાધન જ બરાબર નહિ હોય તો સાધના શી રીતે થશે? સંસારમાં હશો પણ શરીર સારું નહિ હોય તો તેનાં કામો પણ સારી રીતે નહિ કરી શકો.

પૂ. ગુરુદેવ પણ નિયમિત વ્યાયામ કરતા. અરે, ભૌતિક શરીર છોડયું તે દિવસેય સવારે પણ તેઓએ વ્યાયામ કરેલો. પૂ. મા પણ વર્ષોના ઉપવાસો હોવા છતાં, વ્યાયામ કરતાં જ રહે છે તે કેવા પ્રકારનો અને કેટલો સમય કરવાનો તે દરેક વ્યક્તિએ પોતે પોતાને માટે નક્કી કરવાનું છે. પૂ. માએ બતાવેલ પંચાંગ પદ્ધતિ પ્રણામ એ શ્રેષ્ઠ વ્યાયામ સાથે ભક્તિ પણ છે. કોઇનેય માટે તે કરવા સાવ સરળ છે. તેથી પૂ. મા તે પર ખૂબ ભાર આપે છે.

### ૨. ભક્તોના દુ:ખે દુ:ખી, સુખે સુખી.

પૂ. માનું શરીર સ્વસ્થ નથી. તાવ છે. યોગેશની વાત પૂ. મા કરે છે. કહે છે કે તે ગભરુ યુવાન છે. પૂ. મા યોગેશને નજીક બોલાવે છે. પૂ. માના ખંડમાં પૂ. મા આરામ કરે છે. પૂ. મા પોતાના ચરણને સ્પર્શ કરવાનું તેને કહે છે, પરંતુ યોગેશ સ્પર્શ કરવાની ના પાડે છે. પૂ. મા આગ્રહ ચાલુ રાખે છે. તેથી યોગેશ ચરણ સ્પર્શ કરે છે. પછી યોગેશ ધ્રૂસકે ધ્રૂસકે રડી પડે છે. પૂ. માના ચરણ સ્પર્શ પછી યોગેશને ખૂબ જ શાંતિ રાહત અને આનંદ થાય છે. થોડીવાર સુધી પૂ. માના શરીરે ભીનો રૂમાલ મૂકવામાં આવે છે. પૂ. માનો તાવ ઉતરી જાય છે. પૂ. માનું શરીર ખૂબ સંવેદનશીલ છે એટલે ઠંડી–ગરમીની અસર ઝડપથી થાય છે. હૃદય પણ એવું જ સંવેદનશીલ છે. ભક્તના હૃદયને થોડું પણ દુ:ખ થાય તો દ્રવી જાય છે. તત્કાળ આનંદ ધરે છે. યોગેશ આ વાતનો સાક્ષી બને છે.

યોગેશના હૃદયમાં કંઇ દુ:ખ છે, પણ તે બોલતો નથી. આ ના વ્યક્ત કરેલ આંતરિક દુ:ખને બીજાઓ તો ના સમજી શકે, પરંતુ સર્વાત્મભાવ પામેલ પૂ. માના હૃદયથી તે વાત થોડી જ છાની રહે!



સામાન્ય રીતે પૂ. માને કોઇ સ્પર્શ કરે તે ના ગમે. તેના પરિણામે ઘણીવાર તેમને શરીરે ખૂબ બળતરા થતી પણ જોઇ છે. પરંતુ આવાં મા–આજે પોતાના ચરણોનો સ્પર્શ કરવા શા માટે યોગેશને આગ્રહ કરી રહ્યાં છે, તે જોનારને શી રીતે સમજાય?

સંભવ છે કે ભાઇ યોગેશની આંતરિક પીડા એવી ભારે હશે કે પૂ. માનાં પવિત્ર ચરણોના સ્પર્શ સિવાય તે શાન્ત ન થાય. દર્દીને માટે કયી દવા શ્રેષ્ઠ રાહત આપનારી બની રહેશે તે તો એક ડોક્ટર જ જાણે. પરંતુ ભવરોગ નિવારક પૂ. મા સિવાય બીજા કોણ આવું કરી શાતા પહોંચાડી શકે!

શ્રી યોગેશનું આંતરિક દુ:ખ કે મૂંઝવણ શી હતી તે તો એક યોગેશ જાણે કે પૂ. મા જાણે. આપણે તો એનું અદ્‌ભુત નિવારણ થતું જોઇ ધન્યતા અનુભવી એ કેટલું મોટું સૌભાગ્ય!

### ૩. લખેલું ઇતિહાસ બને છે.

પૂ. મા સૌ કોઇને આધ્યાત્મિક અનુભવો, રોજનીશી અને પ્રસંગ કે ઘટના અંગે લખવા, નોંધ રાખવા સહજ રીતે પ્રેરણા આપે છે. યોગેશને પૂ. મા લખેલા પ્રસંગનું વર્ણન કરવા કહે છે. યોગેશ વાંચી સંભળાવે છે. પ્રસંગો ખૂબ સરસ લખાયા હતા. 'આ પ્રસંગો પ્રતિ અને ચિન્મય વાંચશે તો કેટલો લાભ થશે.' પ્રતિ યોગેશભાઇનો પુત્ર અને ચિન્મય ભત્રીજો છે. પૂ. માની સ્લેટ પરથી સહજ બોધ સરી પડે છે. "બોલેલું હવામાં વિલિન થઇ જાય છે. લખેલું ઇતિહાસ બને છે. તમારું આ લખેલું ભવિષ્યમાં આ બાળકોના સંસ્કાર સિંચનમાં કામ લાગશે." પૂ. મા ભક્તોને સર્વ પ્રકારે મદદ કરી રહ્યાં છે. માટે તે ઘટના પ્રસંગને લખીને ઋણ અદા કરીએ તો?

પૂ. મા ભક્તોને એ વાત સમજાવી રહ્યાં છે કે સારી વાતો કે વિચારો હંમેશા નોંધી રાખવાની ટેવ રાખો. તેના લીધે જ અનેક મહાપુરુષોના જીવનના સામાન્ય લાગતા પ્રસંગો પણ ઇતિહાસ બની અનેક સાધકોને પ્રેરણા પૂરી પાડી રહ્યા છે. તેનું કારણ એ છે કે કોઈકે તેની નોંધ કરેલી, તો જ તે વાત આપણે આજે જાણી શક્યા.

અરે, બીજાની વાત તો જવા દો, પરંતુ તમે જો કોઇ સરસ ઘટના કે અનુભવની નોંધ કરી હશે તો પાછળથી વાંચશો તો તમને પોતાનેય તે વાંચી પ્રેરણા ને આનંદ મળશે. શ્રી યોગેશે ખૂબ ભાવપૂર્વક ઘણા બધા બીજાઓને પ્રેરણારૂપ બને તેવા પ્રસંગોની નોંધ કરી પૂ. માને આપી છે જે ભવિષ્યમાં એક સારું પુસ્તક બની જશે.

### ૪. તારકને ફળનો રસ મળે છે.

સ્વર્ગારોહણમાં નવા મકાનનું બાંધકામ ચાલે છે. તારકભાઇ બાંધકામને લગતું સઘળું કામ સંભાળે છે. હું રસોડામાં કામ કરું છું. પૂ. મા પોતાની જાતે ફળ રસ કાઢતાં હોય છે, ફળની ડીશ પણ તૈયાર કરતાં હોય છે. આજે મેં સંતરાનો રસ કાઢ્યો. રસ થોડો વધારે નીકળ્યો. પૂ. માએ રોજના જેટલો જ રસ એક અલગ ગ્લાસમાં લીધો. બાકીનો રસ એક ગ્લાસમાં બાજુપર મૂક્યો. પછી તે ગ્લાસ મારા હાથમાં મૂક્યો અને કહ્યું કે 'તારકને આ રસ તમે જ ઊભા રહી પીવડાવો, સ્વર્ગારોહણમાં થતાં બાંધકામને લગતું સઘળું કામ તે સંભાળે છે, શરીરમાં તાવ હોય તોપણ દેખરેખ પર સતત ઊભો રહે છે, તે ભક્ત અને સેવક પણ છે.' આ રીતે પૂ. મા માતા બની તારકની સંભાળ રાખે છે. તારકના શરીરમાં પ્રાણ સંચરે છે.



કેટલાક મૂંગા સેવકો હોય છે. તેઓ કદી કોઇ કામમાં પોતાને પડતી તકલીફની ફરિયાદ કરતા જ નથી. શ્રી તારકભાઇ એક એન્જિનિયર છે અને તેમને મન પૂ. માની ઇચ્છા એ જ સર્વોપરી છે. કદી કોઇ ફરિયાદ કરવાનો સ્વભાવ જ નહિ.

શ્રી તારકભાઇના સર્વસમર્પણભાવ માટે પૂ. માનો આવો લાગણીભર્યો વ્યવહાર કારણભૂત છે. નિર્વ્યાજ લાગણી અને પ્રેમની શક્તિ એટલી બધી છે કે તેની બરોબરી સૃષ્ટિની કોઇ તાકાત કરી શકે. પૂ. મા પાસે તો પ્રેમનું અદ્‌ભુત શસ્ત્ર છે. પાષાણજેવાં હૃદયો પણ તેની આગળ પીગળી જતાં હોય, તો પછી સંવેદનશીલ વ્યક્તિનું તો શું પૂછવું? પૂ. મા આવા પ્રસંગોના આચરણદ્વારા આપણને એ શીખવવા માગે છે કે પોતે પોતાને માટે થોડું ઓછું લઇને પણ બીજાને આપતાં શીખો. પૂ. મા તો ખરે જ દાનની સાકાર દેવી છે. એમનો જીવન મંત્ર બસ આપો, આપો અને આપો જ. લેનાર ધન્યતાનો ભાવ અનુભવે એ રીતે પૂ. મા આપતાં જ રહે છે.

### ૫. ડો. મનીષને હૂંફ ધરી.

ઉર્વશી અને ડો. મનીષ ગૃહસ્થી છે. તપન તેનો નાનો પુત્ર છે. ધરતીકંપમાં ડો. મનીષની હોસ્પીટલ પણ તારાજ પામી. હવે હિંમતનગર સ્થિર થવા પ્રયાસ કરે છે. ઉર્વશીએ પૂ. શ્રીનો અભિનય સરસ રીતે કરેલો જેને પૂ. મા વારંવાર યાદ કરીને ઉર્વશીને પ્રેરણા આપતાં. ડો. મનીષની અંગત પૃચ્છા કરીને, તપનને પ્રસાદ ધરીને પૂ. મા હૂંફ અને શાંતિ આપે છે. પૂ. માના ખંડમાં પંખો છે. પંખા ઉપર નાનો કાચનો ગોળો છે. તેના પર તપનની નજર પડે છે. પૂ. માએ જાણ્યું કે તે લેવાની તપનની

ઈચ્છા છે. પૂ. મા તે કાચનો ગોળો તરત જ આપે છે. તપન પ્રસન્ન થાય છે. પૂ. માને તેમના ખંડમાં કોઈ પણ વસ્તુની મમતા, આસક્તિ નહીં. જેની જેવી ઈચ્છા તેવો તેને પ્રસાદ. બસ આપવું, આપવું અને આપી જ દેવું. એ પૂ. માનો સ્વભાવ. આ પરિવાર જ્યારે સ્વર્ગારોહણથી હિંમતનગર જવા રવાના થાય છે ત્યારે પૂ. મા સારી રીતે, પ્રેમપૂર્વક વિદાય કરે છે. જનારના પગમાં નવી તાકાત આવે છે, હૃદયમાં પૂ. મા પ્રત્યે ભાવ છલકાય છે અને આંખમાં નવી દૃષ્ટિ હોય છે. ભગવાનને મળ્યાનો અહોભાવ, સંતોષ હોય છે.

### ૬. પિતાની સેવા દેવ માની કરો.

ભૂપેશભાઈ લાંબા સમયથી સત્સંગમાં આવે છે. પૂ. મા માટે હૃદયમાં ખુબ જ ભાવ છે. પૂ. મા સાથે પ્રત્યક્ષ વાત થઈ નહોતી. પૂ. મા આજે ખાસ યાદ કરી પોતાના ખંડમાં બોલાવે છે. પોતાની અંગત સાધનામાં કેવા કેવા નિયમો પાળે છે, નિત્યક્રમમાં શું શું કરે છે તેની પૃચ્છા પૂ. મા કરે છે. 'આધ્યાત્મિક ક્ષેત્રે પ્રગતિ કરવી છે? તો નવા નિયમો લેવા પડે.' એમ પૂ. મા કહે છે. ભૂપેશભાઈ વૃદ્ધ પિતાજીની સેવા કરે છે. પૂ. મા નવી દૃષ્ટિ આપીને કહે છે કે 'પિતાની સેવા સૌથી મોટી સાધના છે, પિતા તરીકે સેવા કરશો તો મમત્વ થશે, દેવ છે તેમ માની સેવા કરશો તો સાધના થશે.' ઈંગ્લાંડના એક ભાઈની વાત પૂ. મા કરે છે. 'તે ભાઈ માતાની ખૂબ પ્રેમથી સેવા કરતાં. રોજ પગે લાગી પ્રાર્થના કરતા. કહેતા કે તમે ઘણું જીવો મને તમારી સેવા કરવી ખૂબ ગમે છે. માતૃ-દેવોભવ, પિતૃદેવોભવની જવાબદારી અદા કરવા પૂ. મા આવી રીતે પ્રેરણા ધરી ઋણમુક્ત બનવાની પગદંડી કંડારે છે.'



### ૭. પાણીદાર હોય તે પ્રભુના દ્વારે પહોંચે.

તરલાબેન દેસાઈ અધ્યાપિકા છે. પૂ. માના રંગે રંગાયા છે. વારંવાર તેમના ફોન આવે. રમણ મહર્ષિના ભક્ત છે. પૂ. માનો સંપર્ક થયા પછી પૂ. માના વિરાટ્ વ્યક્તિત્વમાં મહર્ષિના દર્શન કરે છે. તેઓ કહે છે કે, 'પૂ. માએ મારી સાથે જે ઉત્તમ વ્યવહાર કર્યો તેનાથી મારા મનપર બહારના પરિબળોની માઠી અસર થતી નથી.' પૂ. મા સ્લેટપર લખી ફોનપર મને તરલાબેનને સંભળાવવા કહે છે કે, 'સાડી પર ધૂળ પડે ને ખંખેરી નાંખીએ તે રીતે માન–અપમાનને મન ઉપરથી હઠાવી દેવા જોઈએ, દૂર કરી દેવા જોઈએ. જે પાણીદાર હોય તે જ પ્રભુના દ્વારે પહોંચે.' પૂ. માની આ આગવી રીત સાધકને સાધનો રાજમાર્ગ મળી જાય છે. ફ્લેગ સ્ટેશને ગાડી ના રોકાય તેવા મનોવલણવાળા થઈ જાય છે. પ્રણામ છે આ રાજયોગિની મા સર્વેશ્વરીને.

### ૮. ભાગવતનાં અમૃતબિંદુ

પૂ. મા ડૉ. મેનાબેનને એકનાથની ભાગવત્ કથા વાંચવા સૂચન કરે છે. પૂ. માએ આખું પુસ્તક વાંચેલ નથી, પણ જેટલું વાંચ્યું છે તેમાં ઉત્તમ લાગ્યું તેની નીચે લીટીઓ દોરી છે. આ રહ્યાં તેનાં અમૃતબિંદુઓઃ–

* ગુરુસેવાથી જ પ્રહ્‌લાદ ગુણાતીત થયા. આવી ગુરુસેવાથી અંબરીષની વ્યથા શાંત થઈ.

* જે મનુષ્ય નામસ્મરણની અખંડ ગર્જના કરે છે તેને ઘેરે તીર્થ આળોટે છે, દેવ પોતે તેના ચરણમાં પડે છે, નામસ્મરણનો પ્રભાવ મોટો છે. નામસ્મરણ કરનારની એટલી શક્તિ છે કે ત્રણે લોકનું પાપ ગણતરીમાં નથી. નામસ્મરણમાં મુક્તિ છે.

* પૃથ્વી પોતે ગંધરૂપ છે, છતાં તે કસ્તૂરીમાં વિશેષપણે વ્યક્ત થાય છે. ભગવાન સર્વવ્યાપક છે છતાં સાત્ત્વિકજનમાં અતિ પ્રગટ દેખાય છે.

* સ્વરૂપે સર્વને જોનાર ભક્ત શ્રેષ્ઠ ભક્ત છે.

* યોગીઓને અનેક જન્મે પણ જે અવસ્થઆ મળતી નથી તે અવસ્થા નામસ્મરણથી માત્ર એક જ જન્મમાં મળે છે.

* માણસ મૃગજળમાં ગમે તેટલું ન્હાય તોપણ તે કોરા જ રહે છે.

* પ્રારબ્ધકર્મ અતિશય બળવાન હોવાથી ભક્તને તે ભોગવવું પડે છે પણ આ કર્મ પોતે ભોગવે છે એવો અનુભવ તેને થતો નથી, એ જ તેની ખૂબી છે.

* ભક્તનું ચિત્ત હરિમાં એવું રમી રહ્યું હોય છે કે તેને ક્ષુધાતૃષા યાદ જ આવતી જ નથી.

* જેને ભગવાનમાં અગાધ પ્રીત થઇ છે, તેને ભવભય રહેતો નથી.

* ડાબા હાથમાંની ચીજ જમણા હાથમાં આપતી વખતે આપનાર તથા લેનાર એક જ છે એવી એકાત્મબુદ્ધિ ભક્તને સર્વભૂતમાં હોય છે.

* અકસ્માતે પણ મોઢામાં હરિનું નામ ચઢે તો પણ સકળ પાપનો સંહાર કરે છે. એટલે હરિનામ જેના મુખમાં નિરંતર રહ્યું છે, તે ભક્તને તો ધન્ય છે. નામોચ્ચારની ક્રિયાથી હૃદય શુદ્ધ થવા લાગે છે.

* જેમ ભ્રમર સૂકા લાકડાંને કોરે છે, તેમ ભક્તનો પ્રેમ



ભગવાનના સામર્થ્યને હરિ લે છે. જે સર્વથા આશારહિત છે, તે જ પૂજ્ય છે.

* એક બીજા પુસ્તકમાંથી પૂ. મા અમૃતબિંદુ વાંચવા કહે છે.

* નામ, જપ, અભ્યાસ નથી, પોકાર છે. સંસાર વિશ્વાસ કરવાયોગ્ય નથી, પણ સેવા કરવાયોગ્ય છે. સંસાર સાથે સંયોગ કરવાથી દુઃખનો અંત નથી. ભગવાન સાથે સંયોગ કરવાથી સુખનો અંત નથી. સંતોના ચરણકમળનું દર્શન પણ આંખોના અંજન જેવું છે.

## અધ્યાત્મનું E-Mail address

પરમ પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી અને મા શ્રી સર્વેશ્વરીની કૃપાથી, અધ્યાત્મ માસિકને પોતાનું સ્વતંત્ર કોમ્પ્યુટર, પ્રિન્ટર તેમ જ E-Mail સરનામું હવે ઉપલબ્ધ થયાં છે. તેનું E-Mail address આ પ્રમાણે છે જેના પર E-Mail કરી સંદેશાઓ આપી શકાય.

adhyatma-editor@yahoo.com.in
adhyatma@swargarohan.org

તેમ જ ફોન કરવો હોય તો (0278) 2560649.

— તંત્રી

# સંક્રાંતિ

કાકા કાલેલકર

## પોષ માસ

મકરસંક્રમણનો દિવસ કયો એ ઝઘડો હવે પછી જામવાનો છે. હરિહરભાઇ અને સાયન પંચાંગવાળા તો ડિસેમ્બરની ૨૩ મીને જ વળગી રહેશે. અને સામાન્ય પંચાંગો તો જાનેવારીની ૧૩–૧૪ મી સુધી રાહ જોશે.

મકરસંક્રાંતિનો દિવસ આપણી પંચાંગની પદ્ધતિ સમજવા સમજાવવા માટે અનુકૂળ છે. મહારાષ્ટ્રનો રિવાજ સ્વાદિષ્ટ લાગતો હોય તો આ દિવસે તલગોળનો પ્રચાર કરવા જેવો છે. આખો પોષ મહિનો તલ ખાઇએ તોયે ઠીક જ છે. ઊતરતા શિયાળામાં સ્નિગ્ધ અન્ન પૌષ્ટિક હોય છે. પણ મુખ્ય પ્રવૃત્તિ તો પતંગ ઉડાડવાની હોય; માત્ર એની દોરી સ્વદેશી હોવી જોઇએ. છોકરાઓ જો બજારમાંથી તૈયાર પતંગો લાવે તો આ તહેવાર રાખવામાં માલ નથી. પતંગો ઘેર જ તૈયાર થાય, અને સાથે મળીને ઉડાડાય. પતંગ બનાવવાનું ખાસ શાસ્ત્ર છે.

ઇતિહાસ અને સમાજશાસ્ત્રના રસિયા અધ્યાપક આ દિવસે જીવનસંક્રમણ કે રાષ્ટ્રીયસંક્રમણ ઉપર વ્યાખ્યાન આપે તો તે સાંભળવા તૈયાર રહેવું જોઇએ.

પોષ માસમાં મહારાષ્ટ્રી મહારાષ્ટ્રીને મળે એટલે સંક્રાંતિના 'તિલગુળ' તો જરૂર આપે. સાયન પંચાંગ પ્રમાણે મકરસંક્રાંતિ–ઉતરાણ, બાવીસમી ડિસેમ્બરે થઇ, પણ આપણાં રૂઢ પંચાંગો



પ્રમાણે તે ગયા રવિવારે ઉજવાઇ. એકબીજાને તલગોળ આપીને અમે બોલીએ છીએ : 'तिलगूळ घ्या आणि गोड बोला' કેમ કે તલમાં સ્નેહ છે અને ગોળમાં મીઠાશ છે. બધા સાથે પ્રેમ અને મીઠાશ રહે એ સંકલ્પની એ નિશાની છે. વેદમાં એક મંત્ર છે :

मित्रस्य मा चक्षुषा सर्वाणि भूतानि समीक्षन्ताम् ।
मित्रस्याहं चक्षुषा सर्वाणि भूतानि समीक्षे ।
मित्रस्य चक्षुषा समीक्षामहे ।

[બધાં પ્રાણીઓ મારા તરફ અવેરથી–સ્નેહભાવથી જુએ, હું બધા તરફ સ્નેહની દૃષ્ટિથી જોઉં છું. આપણે બધા સ્નેહની દૃષ્ટિએ જોઇએ.]

આ વૈદિક મંત્રનું જ મહારાષ્ટ્રના ભાવિક લોકોએ આવું મજાનું અને મિષ્ટ રૂપાંતર કર્યું છે.

* * *

જેમ માણસોની માણસો ઉપર છાપ છે તેમ કુદરતની પણ માણસો ઉપર છાપ પડે છે. એના શરીર ઉપર જ નહિ, પણ એના મન ઉપર, એની રહેણીકરણી ઉપર, એના આદર્શ ઉપર, એના સામાજિક જીવન ઉપર.

જેમ શ્રેષ્ઠ અથવા પૂજ્ય વિભૂતિની આપણા જીવન ઉપર અસર પડે છે તેમ કુદરતની ઘટનાની પણ પડે છે. કોઇ સગાં-વહાલાંના મોતને લીધે જેમ આપણે હતોત્સાહ થઇએ તેમ સૂર્યનું ખગ્રાસ ગ્રહણ જોઇને પણ આપણે વિમનસ્ક થઇએ છીએ. મહાયુદ્ધ અને દુકાળ બંનેનાં આપણા ઉપર સરખાં જ પરિણામ થાય છે. પુત્રોત્સવ અને વસંતોત્સવ વચ્ચે સરખાપણું નથી એમ કોણ કહી શકે? શ્રીકૃષ્ણનો કંસ ઉપર, રામનો રાવણ ઉપર,

બુદ્ધનો માર ઉપર વિજય થયે હજારો વર્ષ વીતી ગયાં છે, છતાં તે વિજયનો દિવસ જ્યારે ફરી ફરી આવે છે ત્યારે તે વિજયનો સંદેશો આપણને ફરી ફરી મળે છે. તડકાનો ટાઢ ઉપરનો વિજય કંઇ પ્રભાવમાં એથી ઉતરતો નથી. દરવર્ષની એ વાત છે એટલા માટે કંઇ તે ઓછી અસરકારક નથી. સૂર્યોદય રોજ થાય છે, છતાં સર્વ દેશમાં અને સર્વ ભાષાના કવિઓને તથા રસિકોને સૂર્યોદય-ની શોભા તથા એની ઉપમા ઉત્સાહદાયક જ લાગે છે.

મકરસંક્રાંતિ એ દિવસનો રાત્રિ ઉપરનો વિજય, તડકાનો ટાઢ ઉપરનો વિજય, પ્રવૃત્તિનો નિદ્રા ઉપરનો વિજય સૂચવે છે. અષાઢ મહિનાથી દીર્ઘતમા રાત્રિનો વિજય થતો હતો, દહાડે દહાડે પ્રવૃત્તિ ઓછી થતી હતી, સર્વત્ર એક જાતની ગ્લાનિ છવાઇ હતી, સૂર્યનાં કિરણ ઓછાં થતાં હતાં. દીપોત્સવ કરીને આપણે માંડ માંડ નવા વરસનો ઉત્સવ ઊજવ્યો, પણ ટાઢની કઠોરતા તો વધતી જ ગઇ. મહાત્મા સવિતા જાણે દક્ષિણમાં બંદીવાસમાં જ પડી ગયા. એ ક્યારે છૂટશે?

આપત્તિને પણ અંત હોય છે. સૂર્યનું દક્ષિણ તરફનું સંક્રમણ પૂરું થયું અને ઉત્તરાયણની શરૂઆત થઇ. સવિતાનાં કિરણો વધારે વધારે ફેલાવા લાગ્યાં, દિવસની પળો વધવા લાગી, રાત્રિની પળો ઓછી થવા લાગી, રાત્રિના સામ્રાજ્યનો ક્ષય શરૂ થયો, એવાં સ્પષ્ટ ચિહ્નો દેખાવા લાગ્યાં, અને મહાત્મા સવિતા દક્ષિણ દિશાના બંધનમાંથી હવે જરૂર મુક્ત થવાના એવી ખાતરી થવા લાગી. બસ, એ જ ભાવિ મુક્તિનો આનંદ તે મકરસંક્રમણ.

આ મકરસંક્રમણ આપણે કેવી રીતે ઉજવીએ? ગંગા નદીને કિનારે જઇને જુઓ. ત્યાં અસંખ્ય ભાવિક લોકો ગંગાના પટમાં



ઝૂંપડીઓ બાંધી કેટલાયે દિવસથી ત્યાં જ રહ્યા છે, ગંગા અને યમુનાનો હિન્દુ ધર્મની સરસ્વતી સાથે જ્યાં સંગમ થાય છે ત્યાં હજારો લોકો પ્રયાગસ્નાનને માટે આવી રહેલા. હું હમણાં જ જોઇ આવ્યો છું. સૂર્યોદય પહેલાં ઊઠીને નામસ્મરણ કરતા અને ભીષ્મમાતા ગંગાનો અથવા ધર્મભગિની યમુનાનો જયજયકાર પોકારતા તેઓ નાહવા જાય છે. યમુનામાં નહાય તે શું યમથી બીએ? ગંગામાં નહાય તેની દૃઢતા શું ભીષ્મ જેવી ન હોવી જોઇએ? પ્રયાગનું સ્નાન એ નિર્ભયતા એ દૃઢતાની દીક્ષા જ છે.

મકરસંક્રમણ એ જેટલો વિજયનો ઉત્સવ છે તેટલો જ સ્નેહ અને મીઠાશની વૃદ્ધિનો પણ ઉત્સવ છે. ભૂખ અને ટાઢથી ક્ષીણ થયેલા લોકો વરુની પેઠે એકબીજા સાથે લડે એમાં નવાઇ નથી; પણ પ્રકાશ અને સમૃદ્ધિમાં તે બધું ભૂલી જવું જોઇએ. માટે જ હિંદુસ્તાનના અનેક પ્રાંતોમાં ઉત્તરાયણી શરૂઆતમાં તલ અને ગોળ એકબીજાને આપવાનો રિવાજ છે. શિયાળામાં તે પૌષ્ટિક ખોરાક છે. એટલા જ માટે નહિ, પણ સ્નેહ મીઠાશની વૃદ્ધિ સૂચવવા માટે તલમાં સ્નેહ છે (સંસ્કૃતમાં સ્નેહ એટલે તેલ) અને ગોળમાં મીઠાશ છે. બધાં ધાન્યોમાં તલની ઉપજ સૌથી વધારે હોય માટે જ તેની–પ્રેમની આપલે કલ્યાણકારક ગણેલી છે.

મકરસંક્રાંતિને દિવસે એકબીજાને તલગોળ આપી એકબીજા-ના જૂના અપરાધોને માટે ક્ષમા માગવાની પ્રથા જો હૃદયથી સ્વીકારવામાં આવે તો જરૂર સમાજમાં ઐક્ય અને ઉત્સાહ વધે અને વધતા સૂર્યની પેઠે દેશનું સૌભાગ્ય વધે.

ઉત્તરાયણનો આ સંદેશો ઉન્નતિકારક છે. સ્વરાજના દિવસો-માં તે આપણે ભૂલી ન જવો જોઇએ.

ઉત્તરાયણ પછી વસંતપંચમી, ત્યાર બાદ રથસપ્તમી કરી આખરે ભોગવિલાસને બાળી નાંખી સંયમધર્મ સ્વીકારવા હોલિકોત્સવ કરવાનો હોય છે. ઋતુચક્રના પરિવર્તનમાં પણ ધર્મ રહેલો છે. કુદરત સાથે જેનો સહકાર તૂટયો નથી તે જ તે મેળવી શકે છે.

જે વિદ્વત્તા જીવનમાં પ્રેમ કરવાના ને સારી રીતે બોલવાના એક સાધારણ નિયમને ના શીખવી તે વિદ્વત્તાને શું કરવાની? યોગેશ્વરજી

ફોન : ૩૨૧૦૭૦૭, ૩૨૨૧૮૧૦

મોબાઇલ : ૯૮૨૫૧૩૭૩૫૫

દીપક સી. મહેતા

કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડીઓ.

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પલેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, સુરત-૩૯૫ ૦૦૧.



# સ્વાતિબિન્દુ

શ્રી યોગેશ્વરજી

## સર્વસ્વનો હેતુ

તમારા સ્નેહનું સુધામય સંગીત સંભળાવતા સૃષ્ટિમાં કોણ જાણે કેટલા કાળથી ફરી રહ્યો છું! હાથમાં વીણા, અંતરમાં તમારે માટેની મધુમય માળા, નેનનમાં નેહનો નશો. અંતકાળથી અવનીમાં ફરી રહ્યો છું.

પર્વતો તમારી પૂજા કરે છે, સાગર ને સરિતા તમારું ધ્યાન. પુષ્પો ને પંખી તમારા ગુણાનુવાદ ગાય છે. તારામંડળ તમારી અક્ષય આરતી ઉતારે છે. ઉષા ને સંધ્યા તમારી અનુરાગભરી આરાધનામાં મગન છે. સારી સૃષ્ટિ તમારા સ્નેહનું સનાતન સંગીત ગાયા કરે છે.

સંગીતના મહોત્સવમાં મેં પણ વરસોથી ભાગ લીધો છે. મેં મારા સ્વરને છૂટા મૂક્યા છે. એ જ આશાથી પ્રેરાઈને કે માનવમનની રહીસહી મલિનતા કે કાળની થોડીઘણી કાલિમા દૂર થાય, જગતની જડતા જલી જાય; અશાંતિમાં શાંતિ, શોકમાં આનંદ, મૃત્યુમાં જીવનનું વર્ષણ થાય. તમારી સાથે મારી એ સારુ સાધારણ પણ સેવા થાય.

એ જ છે મારા જનમ, કવન, ભ્રમણ સર્વસ્વનો એકમાત્ર હેતુ.

# જીવનમંદિરની પ્રતિમાને

શ્રી યોગેશ્વરજી

સુંદરતાનો સ્નેહ છતાં સાત્ત્વિકતાની સુરક્ષા :

અનુરાગની આરાધના છતાં આસક્તિનો અભાવ :

બલ છતાં દયા; સંપત્તિની સાથે સદુપયોગ :

જ્ઞાન છતાં ઘમંડનું નામનિશાન નહિ :

મહત્ત્વાકાંક્ષા છતાં મહાનતા; મહત્ત્વાકાંક્ષાનો મદ નહિ :

નિષ્ફળતા છતાં નિરાશા નહિ; દુઃખ તથા દર્દ છતાં તેનો ડર નહિ :

જીવનમંદિરની એવી પાવન પ્રતિમાને મારી પૂજાનાં ફૂલ અર્પિત હો, સદાને સારુ સમર્પિત હો !

('સ્વાતિબિન્દુ'માંથી)

* સ્થાપત્ય કન્સ્ટ્રક્શન *

પ્રો. મનીષ હરિભાઇ ભોજાણી

બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઇલ્સ સામે

મોરબી–૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૧૩૮૧, (રહેઠાણ) ૩૦૨૨૨, ૨૬૯૦૩



આપણા રાષ્ટ્રપતિ

# અબ્દુલ કલામ કેવા છે? ઓળખો

નારાયણ હ. જાની

ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ ભારતના અત્યારે રાષ્ટ્રપતિ છે. તેઓ આ દેશના ગર્વ લેવા જેવા મહાન વિજ્ઞાની છે. અને ભારતને મીસાઇલ ટેકનોલોજી હાંસલ કરાવવામાં તેમનું મહત્ત્વનું પ્રદાન રહ્યું છે. તેમનું જીવન ખરે જ પ્રેરણાસ્પદ છે.

તેઓનો જન્મ હિન્દુઓના દક્ષિણ ભારતના પવિત્ર તીર્થસ્થળ રામેશ્વરમાં એક સાધારણ મુસલમાન પરિવારમાં થયેલો છે. જન્મે મુસલમાન હોવા છતાં તેઓ એક સાચા ભારતીય છે અને બધા જ ધર્મો પ્રત્યે પૂરો આદર ધરાવે છે. તેઓ કુરાન વાંચે છે તો હિંદુઓની ભગવદ્‌ગીતા અને ઉપનિષદો પણ વાંચતા રહે છે. તેઓ મસ્જીદમાં નમાઝ પઢે છે તો રામેશ્વરના શંકરના મંદિરમાં ભગવાનના દર્શને જઇ પ્રણામ અને પ્રાર્થના કરે છે. આવા ઉમદા સંસ્કારો તેમને તેમના પિતા તરફથી મળેલા છે. તેમનું નામ જૈનુલાબ્દિન. આશ્ચર્ય પમાડે તેવી વાત તો એ છે કે રામેશ્વર મંદિરના પૂજારી પાક્ષી લક્ષ્મણ શાસ્ત્રી તેમના પિતાના મિત્ર છે. આ બંને મહાનુભાવોને પરસ્પરની મૈત્રીમાં તેમનો ધર્મ ક્યાંય આડો આવ્યો નથી. તેઓ નિખાલસભાવે ધર્મની ચર્ચાઓ પણ કરતા. ડૉ. શ્રી કલામને પિતાના આ ઉત્તમ સંસ્કારનો વારસો મળેલો છે. તેઓ અપરિણિત છે, શાકાહારી છે, એક સીધા, સાદા, સરલ મહામાનવ છે. બુદ્ધિપ્રતિભા ખૂબ ઊંચી હોવા છતાં ખૂબ નમ્ર અને સંવેદનશીલ માનવી છે. તેઓ સાચા અર્થમાં આ દેશના મહાન ઋષિ છે.

થોડા વખત પહેલાં જ તેઓની આત્મકથા અંગ્રેજીમાં પ્રસિદ્ધ થઇ છે નામ છે 'Wings of Fire' તેનો ગુજરાતી અનુવાદ પણ પ્રસિદ્ધ થયો છે. તેનું નામ છે 'અગનપંખ' હરેશ ધોળકિયા-એ એનો અનુવાદ કર્યો છે.

ડો. કલામ કેવા ઉચ્ચ ધાર્મિક વ્યક્તિ છે અને નમ્ર પણ કેટલા છે તેનું કંઇક દર્શન તેઓના નીચેના શબ્દોમાં સરસ રીતે થતું હોવાથી, વાંચકો સમક્ષ તેને રજૂ કરવાની લાલચ અમે રોકી શકતા નથી. આ રહ્યા એ શબ્દો.

"હું એ અર્થમાં ધાર્મિક વ્યક્તિ છું કે મેં હંમેશાં ખુદા સાથે કામના સંદર્ભમાં ભાગીદારી રાખી છે. મને પૂરેપૂરો ખ્યાલ હતો કે શ્રેષ્ઠ કામ હંમેશાં મારી પાસે હોય તે કરતાં વધારે કાર્યક્ષમતા માગતું હતું. તેથી મને હંમેશાં સહાયની જરૂર રહેતી, જે માત્ર ખુદા જ આપી શકે. હું મારી શક્તિનો અંદાજ કાઢતો, પછી તેમાં પચાસ ટકાનો વધારો કરતો, ત્યાર બાદ ખુદાના હાથમાં મારી જાતને સોંપી દેતો. આ ભાગીદારીમાં મને જરૂર હોય તે બધી જ શક્તિ હું મેળવતો અને હકીકતે ત્યારે હું તે શક્તિને મારા વ્યક્તિત્વમાં પ્રવેશતી અને વહેતી અનુભવી શકતો. આજે હું પૂરા નિશ્ચય સાથે કહી શકું છું કે આપણાં ધ્યેયો સિદ્ધ કરવા અને સ્વપ્નાં સાકાર કરવા ઈશ્વર આપણામાં જ આ શક્તિસ્વરૂપે હાજર હોય છે."

પ. પૂ. યોગેશ્વરજીના જીવનમાં પણ આ વસ્તુ અમે જોઇ હતી. પૂ. માના જીવનમાં પણ પ્રભુની એ દિવ્યશક્તિ જ કાર્યાન્વિત થયેલી જોઇ શકાય છે. પરંતુ તેની સમજ બધાંને થોડી હોય છે!

એક સરસ વાંચનના ભાગરૂપે ડો. કલામની આત્મકથા વાંચવા ભલામણ છે.



# નિઃસ્પૃહી ત્યાગનું ફળ

ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)

એકવાર મહર્ષિ નારદ કીર્તન કરતા કરતા જ્ઞાન પ્રચારાર્થે કોઇ એક વનમાંથી પસાર થઇ રહ્યા હતા, ત્યાં એમણે ગાઢ છાયા ધરાવતું એક શાલ્મલી તરુ જોયું અને એની છાયામાં વિશ્રાંતિ લેવા માટે એ થોભ્યા. એની શીતળ છાયામાં આરામ લેવાથી એમને સારી સ્ફૂર્તિ ને તાઝગી પ્રાપ્ત થઇ, પરિણામે તે તો તેની અતિશય પ્રશંસા કરવા લાગ્યા.

એમણે તે તરુને પૂછ્યું : "અરે તરુરાજ! તમારી આટલી બધી સમૃદ્ધિ શા કારણથી સચવાયેલી છે? પવનના પ્રચંડ ઝપાટા આવવાથી તમને હેરાનગતિ ન થઇ ને તમે પડી ન જવા પામ્યા?"

જવાબમાં એ શાલ્મલી તરુએ હસીને કહ્યું : "અરે મહર્ષિ! બિચારી હવા કે પવનનું શું ગજું કે મને જરાય તકલીફ આપીને નુકસાન કરી શકે ને જમીનદોસ્ત કરી શકે?"

મહર્ષિને તરત જ એ શાલ્મલી તરુના અહંકારનો ખ્યાલ આવી ગયો. એના અભિમાની નશાની એમને ખબર પડી ગઇ. એમને એની એ વાણી રુચી નહિ, પણ એ તો કંઇ પણ બોલ્યા વગર સ્વર્ગલોકમાં જતા રહ્યા, ત્યાં જઇને તેમણે વરુણદેવને કહ્યું : "અમુક વનમાં અમુક તરુ તમારી નિંદા કરે છે. તેનો ઘમંડ દૂર કરવાની જરૂર છે."

પવનદેવને પોતાની નિંદા કરનાર પર ઘણો ગુસ્સો આવ્યો

અને એ તરુને બોધ–પાઠ શીખવવા માટે ત્યાં જઇ જોરથી પ્રબળ રીતે તોફાની ગતિથી તે ફૂંકાવા લાગ્યા. પણ એ શાલ્મલી તરુ તો ભારે જ્ઞાની, પરોપકારી ને સમજદાર તપસ્વી નીકળ્યું. એને અગાઉથી પવનના એ આવનાર સંકટની ખબર પડી ગઇ હતી અને તેથી એણે તેમાંથી ઉગરવા માટેનો ઇલાજ પણ વિચારી લીધેલો. તે મુજબ તેણે તો પોતાની સમૃદ્ધિસમા બધાં પર્ણો ખેરવી નાંખેલાં ને માત્ર ઠૂંઠાની જેમ જ ત્યાં એ ખડું રહી ગયું હતું. પવનનો પ્રબળ ઝપાટો આવ્યો ને એણે ઘણા જોરદાર પ્રયત્ન કર્યા, પણ એ તરુને કોઇ પણ પ્રકારની હાનિ થવા ન પામી એટલે છેવટે પવનદેવ નિરાશ થઇને જતા રહ્યા.

એ પછી કેટલાક દિવસે મહર્ષિ નારદ એ તરુની દશા જોવા માટે એ વનમાં ફરીથી ગયા ને તેમણે જોયું તો એ તરુ તો પૂર્વવત્ સમૃદ્ધિમાં હર્યું–ભર્યું મહાલતું હતું. એ જોઇને મહર્ષિને ઘણી નવાઇ લાગી. એમણે તે તરુને પૂછ્યું : "અરે તરુરાજ! પવને તો તેની પૂરી તાકાતથી તને જમીનદોસ્ત કરવા ભરપૂર કોશીષ કરેલી, પણ છતાંય તું તો હજુય એવું ને એવું સમૃદ્ધિ સમેત હરિયાળું રહેવા પામ્યું છે. આનું શું રહસ્ય?"

એ તરુએ વિનમ્રભાવે મહર્ષિને પ્રણામ કરીને કહ્યું : "ઋષિરાજ! મારી પાસે ઘણી બધી સમૃદ્ધિ છે, પણ એના મોહમાં આંધળો થઇને હું મૂઢ બની જતો નથી. જગતની સેવા માટે આટલાં બધાં પર્ણો ધારણ કરું છું, પણ સમય આવે ત્યારે એ બધી સમૃદ્ધિનો વૈભવ જરાય સંકોચ વગર તજી શકું છું અને ઠૂંઠા જેવો થઇ જાઉં છું. મને મારા વૈભવનો જરા સરખોય ઘમંડ નથી પણ મારી ઠૂંઠા જેવી દશાથી નિરાંત ને સંતોષ છે. એટલે તો પવનની પ્રબળ–પ્રચંડ શી તાકાત સામે મારી આજની સ્થિતિને



જાળવીને સાચવી શક્યો છું. આપ જોઇ શકો છો કે મારી એવી નિર્લિપ્ત કર્મયોગની વૃત્તિના કારણે તો પવનનું જબરજસ્ત તોફાન સહીને પણ પહેલાંની જેમ જ હું મારું અસ્તિત્વ ટકાવી શક્યો છું. એની પાછળ મારી વિનમ્ર ત્યાગવૃત્તિ રહેલી છે."

એ સાંભળીને મહર્ષિ નારદે તરુની ત્યાગવૃત્તિ બિરદાવી ને એના અસ્તિત્વની સાર્થકતાની પ્રશંસા કરી એ બદલ ધન્યવાદ આપ્યા. (સંપૂર્ણ)

○

### શ્રીનાથવચનામૃત

કર્મફલપ્રદાતા પરમાત્મા જે કરે છે તે વસ્તુતાએ યોગ્ય જ હોય છે એમ મહાપુરુષોનું માનવું છે, તેથી પ્રિય મનુષ્યના શરીરનો વિયોગ થતાં પ્રીતિના પ્રમાણમાં મનુષ્યની ચિત્તવૃત્તિને ખેદાનુભવ થવો સ્વાભાવિક છતાં પણ વિવેકીએ પરમાત્માએ જે કર્યું છે તે કોઇ પ્રકારે અમારા હિતનું જ હશે એમ સમજી તે ખેદાનુભવ દૂર કરવો ઉચિત છે. અનિવાર્ય વિષયમાં ખેદ કરી માણસે પોતાના તનમનના બલને ક્ષીણ કરવા કરતાં તેના સંબંધમાં જે કર્તવ્ય હોય તે કરવામાં તનમનને જોડવાં એ યોગ્ય ગણાય છે. સજ્જનના શરીરપાતથી અન્ય સજ્જનોને શોક થાય ત્યારે તેમના સંબંધિજનોને પ્રેમથી તથા પોતાના સ્વાર્થનાશથી અધિક શોક થાય એમાં કાંઇ આશ્ચર્ય નથી, પરંતુ તેમણે પણ પ્રારબ્ધાનુસાર થયેલા ઈશ્વરના સંકેતથી બનેલા બનાવને શિરોધાર્ય સમજી પોતાના મનને શાંત રાખવું એ જ સુખકર ઉપાય છે, અન્ય ઉપાય નથી.

# ઋતંભરા પ્રજ્ઞા-૧

યોગેશ્વરજી

બીજા ઉપાયો કે ભોગોથી જીવનને કામચલાઉ વખતને માટે કદાચ સુખશાંતિ ને આનંદવાળું બનાવી શકાય, પરંતુ પૂર્ણ, મુક્ત, તદ્દન નિર્ભય તથા પ્રભુમય ના બનાવી શકાય અથવા પરમાત્માના પ્રેમપ્રકાશથી પ્રકાશિત ના કરી શકાય. તેના વિના કોઈને સંપૂર્ણ શાંતિ, સુખ ને આનંદ પણ ના મળી શકે. માટે જ જીવનને શુદ્ધ, સંયમી ને પ્રભુમય બનાવવાની જરૂર છે. તે માટે જ સાધના છે. જીવનને ઉજ્જ્વળ કરવાની ઇચ્છાવાળો કોઈયે વિવેકી માનવ તેના તરફ દુર્લક્ષ ના કરી શકે કે ઉદાસીન પણ ના રહી શકે. સાધનાનો રસ તેણે જગાવવો જ રહ્યો. સાધનાના અનુરાગી અથવા પ્રેમી પુરુષો જેમ જેમ વધારે ને વધારે પ્રમાણમાં પેદા થશે ને વધતા જશે તેમ તેમ સંસારનું સ્વરૂપ વધારે ને વધારે બદલાતું જશે ને સાત્ત્વિક બનશે. સાધનાની જેમને રુચિ છે તે સંસારની સાચી ને મોટી સેવા કરી રહ્યા છે તેમણે રસપૂર્વક પોતાની બધી જ શક્તિ કામે લગાડીને, નિરંતર સાધના કરવાની છે. કોઈ કારણે કોઈ નાના મોટા વચગાળાનાં સ્ટેશને અટકી જવાય નહિ તે માટે તેમણે સાવધાન રહેવાનું છે. પોતાની જાતના સ્વામી બનીને બધી રીતે કૃતાર્થ થવા તેમણે તૈયાર થવાનું છે.

સાધનાની મદદથી મન નિર્મળ થતાં આંતરિક સુખ-શાંતિ ને પ્રસન્નતાની પ્રાપ્તિ થાય છે એ વાત આપમે આગળ પર કરી લીધી છે. એના અનુસંધાનમાં યાદ રાખવા જેવી એક બીજી વાત



પણ કરી લઈએ. તેનું મહત્ત્વ ઘણું છે. મન નિર્મળ થાય એટલે યોગીની બુદ્ધિ પણ નિર્મળ થાય છે. તેને સદ્‌બુદ્ધિ અથવા સૂક્ષ્મ વિવેકશક્તિની પ્રાપ્તિ થાય છે. સાધનાની મદદથી તેનું મન જેમ જેમ નિર્મળ બનતું જાય છે ને તેની વૃત્તિ વધારે ને વધારે અંતર્મુખ થાય છે. તેમ તેમ પરમાત્માના પરમ પ્રકાશની તે વધારે ને વધારે નજીક આવતો જાય છે. તે પ્રકાશ તેની મુખાકૃતિ, વાણી, આંખ, વિચારધારા તથા બુદ્ધિમાં જોવા મળે છે. તેના અંગમાં ને રોમેરોમમાં તેની ઝાંખી કરી શકાય છે. એ પ્રકાશને લીધે તેની બુદ્ધિ ઋતંભરા બની જાય છે. અથવા એમ કહો કે તેને ઋતંભરા પ્રજ્ઞાની પ્રાપ્તિ થાય છે. ઋતંભરા એટલે સત્યપરાયણ વસ્તુના સાચા સ્વરૂપને ગ્રહણ કરનારી.

એ ઋતંભરા પ્રજ્ઞા કાળે કરીને ને આપોઆપ પોતાની અંદરથી જ પ્રાપ્ત થાય છે. શંકરનું ત્રીજું નેત્ર તે જ છે. તેને દિવ્યચક્ષુ પણ કહી શકાય, તે ભોમિયાનું કામ કરે છે. ને સાધકને સહીસલામત રીતે આગળ વધારે છે. તેથી સાધક સત્યાસત્યની સાચી સમજ મેળવીને આગળ વધે છે ને છેવટે સ્વરૂપનો સાક્ષાત્કાર કરી અથવા તો પરમાત્માને પામી લે છે. મન તેની મદદથી છેક મંગલ તેમ જ નિર્વાસનિક બની જાય છે. હવે તેને વાસના કે વિકાર ને વિકૃતિના વિચાર નથી સતાવતા. હવે તે બધી રીતે નિર્ભય બની જાય છે. ઋતંભરા પ્રજ્ઞા તેની દિન-રાત ચોકી કરે છે. તે તેનું પતન થવા દેતી નથી ને તેને ખોટે માર્ગે પણ નથી જવા દેતી. ભય, પ્રલોભન, પ્રમાદ, અહંતા, મમતા, આસક્તિ ને સિદ્ધિઓની સામે તે જ તેનું રક્ષણ કરે છે. સંસારના વિરોધી કે પ્રતિકૂળ વાતાવરણમાં પણ તે જ શક્તિ આપે છે, વિકાસની

રસવૃત્તિને જાગ્રત્ રાખે છે, ને સફળતાપૂર્વક સામનો કરવાનું બળ પૂરું પાડે છે.

ઋતંભરા પ્રજ્ઞાની પ્રાપ્તિ ના થઇ હોય ત્યાંસુધી સાધકે ખૂબ ખૂબ સાવધ રહેવું પડે છે ને એકાંત કે શાંત અનુકૂળ વાતાવરણ-માં રહીને સાધના કરવી પડે છે. વિવેકની જ્યોતિ તે દરમ્યાન અત્યંત મંદ હોય છે ને જતન કરીને જાળવવી પડે છે. પ્રતિ-કૂળતાના પવનથી તે જ્યોતિને શાંત પડી જતાં વાર નથી લાગતી. વળી એકાંતમાં રહેવાનું મળે તોપણ ત્યાં રહીને સાધનાપરાયણ જીવન જીવવાનું મુશ્કેલ થઇ પડે છે. એટલા માટે જ એકાંતમાં રહેનારા સાધકો શરૂઆતમાં ઉત્સાહી, શક્તિશાળી ને ભારે નિર્મળ બની જાય છે. તેમનું જીવન નીરસ, જડ, સ્થિતિસ્થાપક કે યાંત્રિક, ભારરૂપ ને કંટાળાજનક થઇ જાય છે. પરંતુ ઋતંભરા પ્રજ્ઞા પ્રગટ થયા પછી તેવું નથી બનતું. પછી તો ઉત્સાહ અથવા આનંદરૂપી અર્ણવના હજારો, લાખો કે કરોડો તરંગો અંતરમાં ઉછાળવા માંડે છે ને જીવન અવનવા રસથી રંગાઇ જાય છે. ક્ષણે ક્ષણે ને પળે પળે જીવનમાં નવી ચેતના, સ્ફુરણા ને નવી સુંદરતા તથા દીપ્તિની ઝાંખી થાય છે. શાંતિ ને પ્રસન્નતાના ફુવારા પ્રાણના પ્રત્યેક પરમાણુમાંથી ઊડયા કરે છે. જીવનમાં ધન્યતાના કોઇ મંગલ મહોત્સવનો આરંભ થાય છે. સત્યરૂપી પ્રકાશની પવિત્ર જ્યોતિ તેના તન, મન ને અંતરને પ્રકાશિત કરતી સદા પ્રકાશ્યા કરે છે.

એવી પ્રજ્ઞા આજે અત્યંત આવશ્યક છે. જીવનને નમ્ર ને નિર્મળ કરવા ને સન્માર્ગે દોરવા ને સંસારને સત્યતા તથા સુખ, શાંતિ સેવા ને સ્વતંત્રતાની હવાથી ભરી દઇને સ્વર્ગીય કરવા તે



ખૂબ જ જરૂરી છે. સાધકને તો તેની જરૂર છે જ, પરંતુ સામાન્ય માણસને અને જેમના હાથમાં સમાજની ગતિવિધિના સૂત્રો છે, સૌને માટે તે એકલી જ આવશ્યક છે. એ પ્રજ્ઞાને કેળવવાથી જ સંસારમાં ન્યાય, નીતિ, સમભાવ, સહકાર ને શાંતિની સ્થાપના થઇ શકશે. માનવસમાજ સૌના હિત માટે શ્વાસ લેશે ને યુદ્ધ, ઘર્ષણ, કટુતા, કુસંપ, શોષણ, અન્યાય અત્યાચાર ને અશાંતિના ઓળા કાયમને માટે દૂર થશે. (અપૂર્ણ)

O

## શ્રીનાથવચનામૃત

અંતઃકરણની ને ઇંદ્રિયોની સર્વ પ્રવૃત્તિના અત્યંત સાવ-ધાનતાવડે ને સૂક્ષ્મવિવેકવડે દ્રષ્ટા રહી કર્તવ્યના અવધિને જેમ બને તેમ શીઘ્ર પ્રાપ્ત થવાય એમ સર્વ પ્રકારની અંતર-બહારની વ્યવસ્થા રાખશો.

યજ્ઞોપવીતના ત્રણ ત્રાગ તથા તેમાંની ગ્રંથિવડે બોધ, વૈરાગ્ય ને ઉપરતિની પરાકાષ્ઠાને પ્રાપ્ત કરવાનો તથા એક જ અદ્વિતીય બ્રહ્મતત્ત્વમાં મનોવૃત્તિની ગ્રંથિ પાડવાનો લક્ષ્યાર્થ ગ્રહણ કરવાનો છે તે યજ્ઞોપવીતના દર્શનવડે વારંવાર સ્મરણમાં રાખી તદનુકૂલ વર્તતા રહેશો.

ચિત્તવૃત્તિના દ્રષ્ટા રહી તેને સુધારતા રહો છો તેમ સુધારતા રહેશો.

**શ્રીમન્નાથભગવાન્**

## કેવો માણસ કદી દુ:ખી ન થાય

હાલ હું ક્યાં છું, હાલ કયો અને કેવો સમય છે, મારી ઉંમર કેટલી છે, મારું મન કેવું છે, મારે શું શું કામ કરવાનું છે તથા મારાં રાત્રિદિવસ હું કેવી રીતે ગાળું છું—એટલી બાબતો યાદ કરતો રહેનાર માણસ દુ:ખી થવા પામતો નથી.

## અનુકરણ કરવાયોગ્ય માર્ગ

સંતોના જે માર્ગે, પોતાના પિતા, પિતામહાદિ ગયા હોય તે જ માર્ગે માણસે જવું, કેમ કે તેમ કરવાથી હાનિ થવા પામશે નહિ.

## આત્મકલ્યાણના સાધનો

(૧) સર્વ પ્રાણીઓ ઉપર દયા.

(૨) સર્વ ઈન્દ્રિયોનો નિગ્રહ.

(૩) સર્વ વસ્તુઓમાં અનિત્ય બુદ્ધિ.

## સૃષ્ટિમાં વિપરીત જણાતી બાબતો

(૧) દાનશીલની દરિદ્રતા.

(૨) કૃપણની પાસે બહુ ધન.

(૩) પુત્ર પિતાનો આજ્ઞાકારી ન હોવો.

(૪) સારા માણસને ખોટાની સેવા કરવી પડે.

(૫) પરોપકારીનું મૃત્યુ.



# રસેશ્વરી

(ગતાંકથી ચાલુ) શ્રીયોગેશ્વરજી

'એટલે? તમે શું કહેવા માગો છો તે ના સમજી શક્યો.'

'મારા કથનનો સાર એટલો જ છે કે આટલું બધું સમજાવવા છતાં પણ તમે દેવકી પર તલવાર ચલાવવા જ માગતા હો તો સૌથી પહેલાં તમારે મારી ઉપર તલવાર ચલાવવી પડશે. મારા શરીરમાં પ્રાણ છે ત્યાંસુધી તમે મારા દેખતાં દેવકીપર પ્રહાર નહિ કરી શકો. એ પ્રહાર ભલે મારી ઉપર કરી લો. લો, મારું મસ્તક આ રહ્યું. મારું જીવન મને દેવકી કરતાં વિશેષ પ્રિય નથી લાગતું. અગ્નિની સાક્ષીમાં મેં એની આજીવન સર્વ પ્રકારે સુરક્ષા કરવાની પ્રતિજ્ઞા કરેલી છે. તે હું શરીરનું સમર્પણ કરીને પણ પાળીશ જ. પ્રથમ પ્રહાર અને પ્રાણઘાતક પ્રહાર તમારે મારી ઉપર જ કરવો પડશે.'

વસુદેવના વ્યવહારથી આખું ચિત્ર બદલાઈ ગયું.

પરિસ્થિતિ એકાએક આવો પલટો લેશે તેની કંસને કલ્પના સરખી ન હતી.

વસુદેવ તથા દેવકીના રથની પાછળ બીજા સેંકડો સોનાના રથ ચાલતા'તા તે પણ માર્ગમાં લાંબા વખત લગી ઊભા રહ્યા.

એ રથમાં વિરાજેલા કેટલાક યોદ્ધાઓ અને રાજપુરુષોએ પણ કંસને સમજાવી જોયો.

પરંતુ મિથ્યાભિમાની દુરાગ્રહી કંસ એમ જલદી માને તેવો ન હતો.

એણે ગંભીર સ્વરે કહ્યું :

'વસુદેવ, તમે નિરર્થક વચ્ચે પડો છો ને મારો દોષ કાઢો છો. દેવકી મારી બેન છે અને એના પ્રત્યે મને પ્રેમ છે પરંતુ આકાશવાણીને લીધે હું લાચાર બની ગયો છું. એની ઉપેક્ષા કરવાની મારી શક્તિ નથી. તમે તદ્દન નિર્દોષ હોવાથી તમારા પર પ્રહાર કરવાની મારી જરા પણ ઇચ્છા નથી. દેવકીપર પ્રહાર કરવામાં પણ આનંદ તો નથી જ આવતો. છતાં પણ કોઇ બીજો રસ્તો નથી સૂઝતો એટલે એ પ્રહાર મારે કરવો પડશે. તમે મને અને દેવકીને છોડીને બાજુપર હઠી જાવ.'

'નહિ. એ કદાપિ નહિ બની શકે. જીવતો હોઇશ ત્યાંસુધી તો નહિ જ.'

'તો પછી તમારે હાથે કરીને વગર મોતે મરવું છે?'

'મારું મરણ જો સ્વધર્મનું પાલન કરતાં એવી રીતે થવાનું હોય તો ભલે થાય. મને તેનું દુઃખ નહિ થાય. પરંતુ મારું મરણ રાજ્યમાં ભયંકર અવ્યવસ્થા પેદા કરનારું, અશાંતિ જગવનારું, ને ઘાતક થઇ પડશે. એ મરણ પછી પ્રજા તમને જીવતી રહેવા દેશે કે કેમ એ શંકા છે.'

'એટલે? તમે મને બીક બતાવી રહ્યા છો?'

'બીક નથી બતાવતો પરંતુ સાચી પરિસ્થિતિનું એ ભાવિ શક્યતાનું ભાન કરાવી રહ્યો છું. મારો કે દેવકીનો રક્તપાત મારા સુધી કે દેવકી સુધી જ નહિ અટકે પણ પ્રજાના પ્રત્યેક વર્ગમાં કે સમગ્ર રાજ્યમાં ફરી વળશે. પ્રજા મને પોતાનો માને છે.'

'ત્યારે તમે મારા માર્ગમાંથી નહિ હઠો?'



'જીવતાં લગી તો નહિ જ.'

કંસને વસુદેવસાથે કેવી રીતે કામ લેવું તે ના સૂઝયું.

એ વિચારવા લાગ્યો.

ત્યાં તો અત્યારસુધી મૂક દ્રષ્ટા કે શ્રોતા બનીને રથમાં ભયભીત બનેલી ડઘાઇ ગયેલી દેવકીને વાચા ફૂટી.

એ શાંતિથી બોલી :

'કંસ, તું કેવું કુકર્મ કરવા પ્રેરાયો છે તેનો જરાક વિચાર તો કરી જો. તલવારનો પ્રહાર અને એ પણ મારા પર? એ પ્રહાર કરી જ કેવી રીતે શકાય? તું આટલો બધો નિર્દય છે?'

'નિર્દય નથી છતાં પણ પરિસ્થિતિવશ મારે નિર્દય બનવું પડે છે. આ જગતમાં સૌ કોઇને પરિસ્થિતિથી પ્રભાવિત થવું પડતું હોય છે.'

'બિલકુલ નહિ. સંયમી અને સદ્દબુદ્ધિસંપન્ન પુરુષો પરિસ્થિતિથી પ્રભાવિત નથી થતાં પરંતુ પરિસ્થિતિને પલટાવે છે ને ગમે તેવી અનુકૂળ કે પ્રતિકૂળ પરિસ્થિતિમાં રહીને પણ ન્યાયોચિત નીતિયુક્ત વર્તન જ કરતા હોય છે. તેં તો ન્યાય અને નીતિનાં બધાં જ મૂલ્યોને તિલાંજલિ આપી દીધી છે અને અસુરો માટે પણ જે કર્મ અધમાધમ કહેવાય તે કરવા તૈયાર થયો છે. જગતમાં તારે માટે શું કહેવાશે તેનો વિચાર તો કરી જો.'

'તો પછી શું કરું? તને જીવતી રાખીને મરી જઉં?'

'તારી પાસે એટલા બધા નિર્મોહની આશા રાખવી વ્યર્થ છે. હું તને મારવાનું નથી કહેતી. એવું કહી પણ ના શકું. તું યાવચ્ચંદ્રદિવાકરૌ અનંતકાળ લગી વધારેમાં વધારે વખતસુધી જીવતો રહે

એવું ઇચ્છું છું. મારે તો તમને એટલું જ કહેવાનું છે કે જે કરે તે આગળપાછળનો વિચાર કરીને કર જેથી પાછળથી પસ્તાવું ના પડે.'

કંસે પૂછ્યું :

'તું આકાશવાણીમાં માને છે કે નહિ?'

'માનું છું.'

'તો પછી? હું જે કરું છું કે કરવા માગું છું તે તને ઉચિત જ લાગશે.'

'બીલકુલ નહિ. આકાશવાણીમાં વિશ્વાસ રાખવા છતાં એક વાત તો દીવા જેવી ચોખ્ખી છે કે તારા મરણમાં મારે નિમિત્ત નથી બનવાનું. આ આકાશવાણી સાચી પડે તોપણ મારા સંતાને જ નિમિત્ત બનવાનું છે.'

'એ તો બરાબર છે.'

'તો પછી તું મારો નાશ કરવા શા માટે તૈયાર થયો છે? હજુ મારું સંતાન અને એ પણ આઠમું સંતાન તો થવા દે. એ પછી એ વખતની પરિસ્થિતિનો વિચાર કરીને તારે જે કરવું હોય તે કરી લેજે.'

'એવી રીતે તું છટકબારી શોધતી લાગે છે!'

'છટકબારી નથી શોધતી પરંતુ સત્ય હકીકતની કેવળ રજૂઆત કરી રહી છું. તને મારામાં વિશ્વાસ ના આવતો હોય તો એક બાંયધરી આપું.'

'કયી બાંયધરી?'

'મને જે સંતાન થશે તે સંતાન હું તને અર્પણ કરી દઇશ. તું તેનું જે કરવું હોય તે કરી લેજે.'



કંસને દેવકીની વાતથી પ્રકાશ સાંપડયો.

વસુદેવે પણ એ બાંયધરીમાં સુખદ સૂર પુરાવ્યો અને એનું સમર્થન કર્યું એટલે કંસ શાંત પડયો ને બોલ્યો :

'આ વાત તો મને સૂઝેલી જ નહિ. આકાશવાણી પ્રમાણે મારું મૃત્યુ તારા આઠમા સંતાનથી થવાનું છે. એટલે તારાં સાત સંતાનસુધી તો હું નિર્ભય, નિશ્ચિત કે સલામત છું. મારા મસ્તક પર કોઇ જાતનો બોજો નથી. તને ને વસુદેવને મેં નકામો ઉદ્વેગ કરાવ્યો ને ત્રાસ આપ્યો. એને માટે હું ક્ષમાપાત્ર છું.'

દેવકીએ રાહતનો અનુભવ કરતાં કહ્યું :

'એમાં તારો એટલો દોષ પણ નથી. આકાશવાણીનો પ્રસંગ જ એવો પ્રતિકૂળ અથવા ચિંતાજનક બન્યો છે કે ભલભલા શાંત ને સ્વસ્થ માનવના ચિત્તતંત્રને પણ અસ્વસ્થ અને અશાંત કરી દે. મને દુઃખ એટલું જ થાય છે કે તે નિર્ણય પર પહોંચવામાં થોડીક વધારે પડતી ઉતાવળ કરી. પરંતુ જેનું પરિણામ સારું તેનું બધું સારું. ભૂતકાળને ભૂલી જવામાં જ શ્રેય છે.'

વસુદેવે કહ્યું :

'આકાશવાણીને સાંભળીને તમે વધારે પડતા ઉત્તેજિત બની ગયા. એ તો સારું થયું કે હું વચ્ચે પડયો નહિ તો આખોય રથ અત્યારે મારા અથવા દેવકીના રક્તથી રંગાઇ ગયો હોત. તમને એક મોટામાં મોટું પાતક લાગત.'

કંસ બોલ્યો :

'સાચું છે. હું શું કરી રહ્યો છું તેનું મને ભાન જ ના રહ્યું. હવે તમે ગઇગુજરી ભૂલીને રથમાં બેસી જાવ. હું રથને આગળ ચલાવું.'

'અમે તો ગઈગુજરી ભૂલી જઈશું પરંતુ તું પણ ભૂલી જજે.'

કંસે રથને આગળ ચલાવ્યો.

ઘોડા પહેલાંની પેઠે દોડવા લાગ્યા.

પરંતુ કંસના હાથપગ ઢીલા બની ગયા. એનું મન વિચારના ચગડોળે ચઢયું.

એની દૃષ્ટિ તથા વૃત્તિ બદલાઈ ગઈ.

એનો રસ ઊડી ગયો.

પોતાના કામમાં એને ઉત્સાહ ના રહ્યો.

દેવકી અને વસુદેવના મનમાં પણ વિવિધ પ્રકારના વિચાર તરંગો ઊઠવા માંડયા.

આકાશવાણીનો પ્રસંગ એવો અસરકારક પુરવાર થયો.

દેવકી અને વસુદેવને ગોવર્ધનમાં પહોંચાડીને કંસ ભારે હૈયે વિદાય થયો.

એ વખતે વસુદેવ ગોવર્ધનના શાંત, સુંદર, એકાંત, સમૃદ્ધિશાળી, પવિત્ર પ્રદેશમાં વાસ કરતા.

વિદાય વખતે વસુદેવે કંસને કહ્યું :

'અમે આપેલી બાંયધરી અમે પાળીશું. તમે તદ્દન નિશ્ચિત રહેજો. દેવકીની જે સંતતિ થશે તે તમને સુપ્રત કરીશ.'

'હા. એ બાંયધરી કાયમ રહેશે. એમાં વિશ્વાસ રાખજે. દેવકી બોલી ઊઠી.'

કંસ મૂક રહ્યો. (ક્રમશઃ)

## * મુક્તિના પ્રકાર *

આપણે ત્યાં પરંપરાગત રીતે મુક્તિના ચાર પ્રકારો વર્ણવવામાં આવ્યા છે. સામીપ્ય, સારૂપ્ય, સાયુજ્ય, સાલોક્ય એમ ચાર પ્રકાર છે. મોટે ભાગે એ ચાર પ્રકારની મુક્તિને મરણોત્તર માનવામાં આવે છે. પરંતુ એ મુક્તિને જીવન દરમિયાન પમાતી મુક્તિ તરીકે પણ સમજી શકાય. આદર્શ ભક્તને એ મુક્તિનો અનુભવ મરણ પછી થવાને બદલે જીવન દરમિયાન, શરીરદ્વારા જ થાય છે. આપણું શરીર પરમાત્માનું મંગલમય મંદિર છે. એમાં દેવોના દેવ પરમાત્માનો નિવાસ છે. એ એક જંગમ મહાતીર્થ છે. એની મંગલમયતાને અનુભવી, એની સુષુપ્ત શક્તિઓનો સમુચિત વિકાસ સાધી, પરમાત્માની કૃપા પામીને, ભક્ત પરમાત્માની સતત સંનિધિને અનુભવે છે. પ્રત્યેક પ્રકારની પરિસ્થિતિમાં પ્રત્યેક પળે એમની સમીપ રહે છે. એને સામીપ્ય નામની મુક્તિ કહી શકાય. સારૂપ્ય નામની મુક્તિમાં ભગવાનનું ચિંતન–મનન અને આરાધન કરતાં કરતાં ભક્ત ભગવાન જેવું રૂપ ધારે છે. સાયુજ્ય નામની મુક્તિમાં ભક્ત ભગવાન સાથે પૂરેપૂરો જોડાઈ જાય છે. સાલોક્ય નામની મુક્તિમાં ભક્ત અહર્નિશ ભગવાનના લોકમાં જ વસે છે. મુક્તિની પ્રાપ્તિની ઈચ્છા પાછળ વર્તમાન જીવનનો તિરસ્કાર નથી. મુક્તિની ઈચ્છા જીવનની પરિપૂર્ણતાની ભાવનામાંથી પ્રકટી છે. એની પાછળ જીવનના વાસ્તવિક વિકાસની, શાંત, મુક્ત ને પૂર્ણ બનવાની છે.

યોગેશ્વરજી

ADHYATMA * Regd. No. GBV 113 * R.N.I.No.71957/99

## * સંસાર છોડવાની જરૂર નથી. *

યોગની શ્રેયસ્કરી સાધનાના અનુષ્ઠાનને માટે નિતાંત એકાંતની આવશ્યકતા ખરી? એનો આધાર શું વસતિની વચ્ચે વસીને પારિવારિક જીવન જીવતાં જીવતાં ના લઈ શકાય? આપણા અને આપણી સાથે સંકળાયેલા બીજાના જીવનના ધારણપોષણની પ્રવૃત્તિઓને પરિત્યાગવાનું આવશ્યક અથવા અનિવાર્ય છે? વિદ્યાર્થીઓએ વિદ્યાભ્યાસ, શિક્ષકોએ શિક્ષણ-કાર્ય, વેપારીઓએ વ્યાપાર, ખેડૂતે ખેતી, મજૂરે મજૂરી, દરજી—સુથારે દરજી તથા સુથાર તરીકેની પ્રવૃત્તિ, દાક્તર વકીલ, સૈનિકે પોતપોતાનાં સેવાકાર્યોને છોડીને યોગસાધનાને સારુ કોઈક જંગલમાં પર્વતમાળામાં કે સરિતા અથવા સમુદ્ર-ના શાંત એકાંત તટ પ્રદેશપર પહોંચી જવું જોઈએ? એ પ્રશ્નોનો ઉત્તર આપતાં આપણે કહીશું કે ના. યોગની શ્રેયસ્કર સાધના માટે એ બધું અનિવાર્ય રીતે આવશ્યક નથી. કોઈને કોઈ કારણે સંસ્કારવશ એની આવશ્યકતા લાગે તો એ એનો આધાર લઈ શકે છે પરંતુ એના સિવાય આગળ ના જ વધાય એવું નથી, યોગસાધનાના આદર્શ આચાર્યપ્રવર મહર્ષિ પતં-જલિએ પોતાના યોગદર્શનમાં ક્યાંય એવું નથી કહ્યું કે ઘર, પરિવાર, વસતિની વચ્ચે વસીને યોગ ના થઈ શકે અથવા એને માટે વ્યાવહારિક કર્મોને તિલાંજલિ આપવી પડે. માનવ-યોગની પરમ શ્રેયસ્કરી સાધનાનો આધાર લઈને યોગી બને એવું એ અવશ્ય ઈચ્છે છે અને જ્યાં પણ હોય ત્યાં રહીને યમનિયમના અનુષ્ઠાનદ્વારા આદર્શ માનવ થવાનો પ્રયત્ન કરે એવી અપેક્ષા રાખે છે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.